ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સીએન્ડઈ/2019/10734-35, તા. 22-4-2019- થી મંજૂર

અજમાયશી
પાઠ્યપુસ્તક

# કલ્લોલ

## (ગુજરાતી-પર્યાવરણ)

### (પ્રથમ ભાષા)

### ધોરણ ૨

**પ્રતિજ્ઞાપત્ર**

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે
આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશતિ કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
ડૉ. મહેન્દ્ર ચોટલિયા

**લેખન-સંપાદન**
ડૉ. હરેશ ચૌધરી
શ્રી યાજ્ઞા સપાટવાલા
ડૉ. ભાવેશ પંડ્યા
શ્રી રાકેશ પટેલ
શ્રી મનન બુદ્ધદેવ
શ્રી પરેશ દલસાણિયા
શ્રી હર્ષવી પટેલ

**સમીક્ષા**
શ્રી કલ્પેશ પટેલ
શ્રી મમતા શર્મા
શ્રી બાબુ સોલંકી
શ્રી મીનેશ વાળંદ

**ચિત્રાંકન**
શ્રી ઉમેશ ભાટિયા

**સંયોજન**
ડૉ. ક્રિષ્ના દવે
(વિષય-સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ-સંયોજન**
શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચિયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય સ્તરે સમાન અભ્યાસક્રમ રાખવાની ગુજરાત સરકારશ્રીની નીતિ અનુસંધાને ધોરણ ૨માં NCERTના ગણિત વિષયના અનુવાદિત પાઠ્યપુસ્તકનો જૂન, ૨૦૧૮થી રાજ્યવ્યાપી અમલ કરવામાં આવ્યો છે. અગાઉ ધોરણ ૨માં ગણિત પર્યાવરણનું સંયુક્ત પાઠ્યપુસ્તક અમલમાં હતું. પરંતુ NCERT મુજબ ગણિત વિષય જુદો પડતાં **ધોરણ ૨**નું **કલ્લોલ (ગુજરાતી-પર્યાવરણ)**નું પાઠ્યપુસ્તક પણ NCERTની તરાહ તથા નિર્દિષ્ટ બાબતો આધારિત અલાયદુ તૈયાર કરી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સમક્ષ રજૂ કરતાં પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

GCERT, ગાંધીનગર દ્વારા નિર્મિત અભ્યાસક્રમ આધારિત આ પાઠ્યપુસ્તક GCERT દ્વારા જ સૂચિત નિષ્ણાતો વડે તૈયાર કરવામાં આવ્યું છે તથા તેની સમીક્ષા નિષ્ણાત શિક્ષકો વડે કરવામાં આવી છે. આ પાઠ્યપુસ્તકના રાજ્યવ્યાપી અમલ પૂર્વે પાઠ્યપુસ્તક મંડળ અને GCERTના નિષ્ણાતોની સંયુક્ત બેઠક બોલાવી, પુસ્તકની ચકાસણી કરવામાં આવી છે અને સૂચિત સુધારાઓને આમેજ કરી પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને ગુણવત્તાયુક્ત તથા બાળભોગ્ય બનાવવા માટે પૂરતી જહેમત ઉઠાવવામાં આવી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો આવકાર્ય છે. તેનાં ચતુરંગી સ્વરૂપ દ્વારા બાળકો હોંશે-હોંશે તેનો ઉપયોગ કરે અને ભાષા-પર્યાવરણની અધ્યયન નિષ્પત્તિઓ સાર્થક કરે તે લક્ષિત છે.

**પી. ભારતી (IAS)**
નિયામક
તા. ૦૧-૦૧-૨૦૨૦

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પુનઃમુદ્રણ : ૨૦૨૦**

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે : *

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ ૫૧-क

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શરણાઈ, ઢોલક અને રંગ | ૧ |
| ૨. | દાદા ખોવાયા છે | ૧૬ |
| ૩. | આટલાં બધાં રમકડાં ! | ૨૭ |
| ૪. | જંગલબુક | ૪૦ |
| ૫. | મારે તો બસ રમવું છે | ૫૬ |
| ૬. | પર્વતનો મુરબ્બો | ૭૨ |
| ૭. | આમ પણ હોય ? | ૮૪ |
| ૮. | સોય, સંચો ને સાબુ | ૯૬ |
| ૯. | આપણે સૌ તોફાની | ૧૧૧ |
| ૧૦. | કામ કરીએ ક્લક ક્લક | ૧૨૯ |


## આ પાઠ્યપુસ્તક વિશે...

ગુજરાતી ભાષા સાથે થોડી વધુ મૈત્રી કેળવીને બાળકો ફરીથી તમારા વર્ગમાં આવી ગયાં હશે એટલે તમને ભાષા-અધ્યાપનમાં આગળ વધવામાં સરળતા રહેશે. આ નવું પાઠ્યપુસ્તક ''કલ્લોલ'' તમને અને બાળકોને સક્રિયતા તથા મજા-મસ્તીના સંયોજનથી થનગનતા કરવા માટે તત્પર છે.

### આટલું કરો

- પ્રત્યેક વર્ગ શરૂ કરતા પહેલાં વ્યક્તિ તરીકે બાળકો સાથે અનૌપચારિક વાતો કરો.
- પાઠ/કાવ્યમાં આવતા પાત્રો-પ્રસંગો-સંવેદનાઓ-વિચારો-અવલોકનોમાં તમારા અને બાળકોના અનુભવો પણ અવશ્ય જોડો.
- પુસ્તકનું વિષયવસ્તુ તો ભાષાની અભિવ્યક્તિ માટે ટેકારૂપ સામગ્રી છે. તેને સ્મૃતિબોજ નહિ ભાષામોજ બનાવો.
- પુસ્તકમાં આપેલી પ્રવૃત્તિઓ ઓછામાં ઓછી એકવાર તો કરાવો જ. બાળકોને ગમી ગયેલી પ્રવૃત્તિ વારંવાર કરાવો.
- પાન-નંબર શબ્દમાં આપ્યા છે તે મુજબ બાળકો તેની બંને બાજુ લખે તે માટે પ્રેરિત કરો.
- બીજા એકમથી દરેક નવી પ્રવૃત્તિ આગળ ⬡ આપેલા છે તેમાં જેમ પ્રવૃત્તિ થતી જાય તેમ બાળકો જ નંબર આપતાં જશે.
- શબ્દભંડોળ વધે તે માટે પુસ્તકના, પુસ્તક બહારના શબ્દો વારંવાર સંભળાવો. આ સાહેબ/બહેનને બધું જ કહી શકાય તેવું બાળકોને થાય તેવું વાતાવરણ બનાવો.

### આટલું ન કરો

- બાળકોના મિત્ર બનો, ફિલોસોફર અને ગાઈડ નહિ.
- બાળકોને ડરાવી-ધમકાવી, કડક શિસ્તમાં રાખીને શીખવશો નહિ. આવા સંજોગોમાં તેઓની શીખવાની ક્ષમતા બંધ થઈ જાય છે.
- એકધારું વાંચવા-બોલવાનું ન રાખો.
- ચિત્રકામની અવગણના કરશો નહિ. પુસ્તકમાં જ્યાં રેખાચિત્રો છે તેમાં બાળકોને રંગ પૂરતાં ટોકશો નહિ.
- વર્ગના થોડાક હોશિયાર વિદ્યાર્થીઓ ઉત્તર આપે કે પ્રવૃત્તિ કરી લે એટલે બધાને આવડી ગયું છે એવું ના માનશો.
- અક્ષર ઘૂંટાવશો નહિ કે એક જ શબ્દ વારંવાર લખાવશો નહિ. પાઠમાં/કાવ્યમાં આવતા બધા જ શબ્દો બાળકને અર્થ સહિત શીખવવાના હોતા નથી.
- બાળકોની ક્ષમતા-આવડત વિશે જાહેરમાં નિર્ણયો (આ તો નબળો/ઠોઠ છે કે હોશિયાર છે) વ્યક્ત ન કરશો.

માતૃભાષા શીખવાના સંરચનાવાદી અને અસરકારક અભિગમથી તૈયાર થયેલું આ રૂપકડું પુસ્તક આપના હાથમાં મૂકતા આનંદ અનુભવી છીએ.

# ૧ શરણાઈ, ઢોલક અને રંગ

## ૧ ચાલો, ગાઈએ ગીતડું :




ફરો ફરોને છોકરાં ફુદરડી
જેમ ફરે ઉંદરડા ઉંદરડી,
તેમ ફરોને છોકરાં ફુદરડી.
ફરે ચાંદો સૂરજ બે ઉંદરડા
પેલી તારલીઓ સૌ ઉંદરડી,
ફરો ફરોને છોકરાં ફુદરડી
ભાગો ભાગો ઉંદરડા ઉંદરડી.

## ૨ વાર્તા : વાંસળીવાળો

એક હતું ગામ. એમાં ઘણા ઉંદર.
ઘરમાં ઉંદર, બાગમાં ઉંદર,
પેટીમાં ઉંદર, કબાટમાં ઉંદર.






મોટા ઉંદર, નાના ઉંદર,
જાડા ઉંદર, પાતળા ઉંદર,
કાળા ઉંદર, ધોળા ઉંદર,
જ્યાં જુઓ ત્યાં ઉંદર જ ઉંદર !
સુખે ખાવા ન દે, સુખે પીવા ન દે,
સુખે બેસવા ન દે, સુખે ઊંઘવા ન દે,
સુખે ચાલવા ન દે, સુખે ફરવા ન દે.





આમ જાઓ તો ચૂં ચૂં ચૂં !
તેમ જાઓ તો ચૂં ચૂં ચૂં !
જ્યાં જાઓ ત્યાં ચૂં ચૂં ચૂં !



હવે શું કરવું ? હવે ક્યાં જવું ?
લોક બધા કંટાળ્યા.
એક દિવસ એક વાંસળીવાળો આવ્યો.
જરાક જેટલી દાઢીવાળો,
લાંબા-લાંબા વાળવાળો;
લાલ ટોપી પહેરી છે,
પીળો ડગલો પહેર્યો છે.
લોક કહે, ''ભાઈ ! અમે તો કંટાળ્યા,
આ ઉંદરથી હારી ગયા.
ઉંદર સઘળા કાઢો તમે,
હજાર રૂપિયા દઈએ અમે.''
વાંસળીવાળો રસ્તા વચ્ચે ઊભો રહ્યો.
ને વાંસળી વગાડવા લાગ્યો.
પછી તો પૂછવું જ શું ?
દોડતા-દોડતા ઉંદરો આવવા લાગ્યા.
કોઈ નાચતા આવ્યા, કોઈ કૂદતા આવ્યા;
કોઈ દોડતા આવ્યા, કોઈ ધસતા આવ્યા.
ચારેકોર ઉંદર, ઉંદર;
ચારેકોર ચૂં ચૂં ચૂં !
વાંસળીવાળો આગળ ચાલે.
ઉંદર બધા પાછળ દોડે.

એટલામાં નદી આવી.

વાંસળીવાળો નદીમાં ઊતર્યો ને આગળ ચાલ્યો.

ઉંદર પણ નદીમાં ઊતર્યા.

વાંસળીવાળો નદી ઓળંગી ગયો,

ઉંદર બધા પાણીમાં ડૂબી ગયા.

લોક બધા રાજી થયા.


વાંસળીવાળો ગામમાં પાછો આવ્યો.

તે બોલ્યો, ‘‘લાવો ભાઈ, હજાર રૂપિયા.’’

લોકો કહે, ‘‘રૂપિયા કેવા ને વાત કેવી !

જા, છાનોમાનો ચાલ્યો જા !

ઉંદર મારવાના તે હજાર રૂપિયા હોય !’’



વાંસળીવાળો કાંઈ બોલ્યો નહિ.
વાંસળી લઈ તેણે વગાડવા માંડી.
વાંસળી વાગી પછી પૂછવું જ શું ?
એક છોકરું બહાર આવ્યું,
બીજું છોકરું બહાર આવ્યું,
ત્રીજું છોકરું બહાર આવ્યું,
બધાં છોકરાં બહાર આવ્યાં.
ઘરમાંથી આવ્યાં, બહારથી આવ્યાં,
નાનાં આવ્યાં, મોટાં આવ્યાં,
જાડાં આવ્યાં, પાતળાં આવ્યાં,
કાળાં આવ્યાં, ગોરાં આવ્યાં.
આમ જુઓ તો છોકરાં,
તેમ જુઓ તો છોકરાં !
કોઈ નાચતું આવ્યું, કોઈ કૂદતું આવ્યું,
કોઈ દોડતું આવ્યું, કોઈ ધસતું આવ્યું.
ચારેકોર છોકરાં જ છોકરાં.
ચારેકોર હો... હો... હો... !
''અરે, ઊભાં રહો, ઊભાં રહો.''
પણ છોકરાં શાનાં ઊભાં રહે ?
એ તો ચાલ્યાં નદી તરફ.
લોક બધાં ગભરાયાં, રખેને છોકરાં પાણીમાં ડૂબી જાય !
દોડીને તે નદીએ આવ્યાં.
''લે, ભાઈ વાંસળીવાળા, લે તારા હજાર રૂપિયા ને જા હવે તું બીજે ગામ.''
વાંસળીવાળો હજાર રૂપિયા લઈ ચાલતો થયો.

## ૩ વાતચીત :

૧. આ વાર્તામાં સૌથી વધારે મજા ક્યારે આવી ?
૨. આ વાર્તામાંથી કયા કયા શબ્દો યાદ છે ?

## ૪ સાચું કે ખોટું ?

સાચું હોય તો તાળી પાડો ખોટું હોય તો ફરરર... બોલો.

| | |
|---|---|
| ૧. | ઉંદરો કોઈને ઊંઘવા દેતા ન હતા. |
| ૨. | વાંસળીવાળાને લાંબી દાઢી હતી. |
| ૩. | બધા જ ઉંદરો સરખા રંગના હતા. |
| ૪. | ગામમાં બધી જગ્યાએ ઉંદરો દેખાતા હતા. |
| ૫. | કબાટમાંથી ઉંદર નીકળતા હતા. |
| ૬. | વાંસળીનો અવાજ ઉંદરોને ખૂબ ગમતો હતો. |
| ૭. | બધા જ ઉંદરો પાણીમાં ડૂબી ગયા. |
| ૮. | ગામલોકો ઉંદરોથી દુઃખી રહેતા હતા. |
| ૯. | વાંસળીવાળો એ જ ગામમાં રહેવા લાગ્યો. |
| ૧૦. | વાંસળીનો અવાજ બાળકોને જરાય ગમતો ન હતો. |

- **ચાલો, ગાઈએ ગીતડું : ફરો ફરોને છોકરાં ફુદરડી . . . . .**

## ૫ વાર્તાનાં ચિત્રો જુઓ અને કહો :

૧. ચિત્રમાં શું શું દેખાય છે ?
૨. ઉંદર કેવા કેવા હતા ?
૩. ચિત્રમાં કેટલા માણસો દેખાય છે ?
૪. વાંસળીવાળાએ શું શું પહેરેલું છે ?
૫. વાંસળીવાળો બાળકોને લઈને ક્યાં જાય છે ?
૬. ઘરમાં ક્યાં ક્યાં ઉંદર જોવા મળે છે ?
૭. આટલા ઉંદરો તમારી શાળામાં આવી જાય તો શું શું થાય ?

## ૬ એટલે શું ? (√) કરો.

૧. **અમે આ ઉંદરોથી હારી ગયાં.**

( ) ઉંદરો ખૂબ જ હેરાન કરતા હતા.

( ) ઉંદરો ખૂબ વધારે હતા.

૨. **વાંસળીવાળો નદી ઓળંગી ગયો.**

( ) વાંસળીવાળો નદીમાં ડૂબી ગયો.

( ) વાંસળીવાળો નદીને સામે કાંઠે પહોંચી ગયો.

૩. **ચારેકોર હો....હો....હો....**

( ) બધી બાજુ સૌ હસતા હતા.

( ) બધી બાજુથી જાત જાતના અવાજો આવતા હતા.

## ૭ ખૂટતું લખો :

૧. વાંસળીવાળાએ પહેલી વખત વાંસળી વગાડી ત્યારે ગામનાં બધાં ______ તેમની પાછળ ચાલ્યાં.

૨. વાંસળીવાળાએ બીજી વખત વાંસળી વગાડી ત્યારે ગામનાં બધાં ______ તેમની પાછળ ______ .


૩. ઉંદરોને ______માં લઈ જનાર વાંસળીવાળાને ગામલોકોએ ______ રૂપિયા આપ્યા નહિ.

## ૮ ચિત્રોને ક્રમ આપો અને તેને આધારે વાર્તા કહો.














• ચાલો, ગાઈએ ગીતડું : ફરો ફરોને છોકરાં કુદરડી . . . . .

⑨ કયું ગમે ?



વાતચીત :

ઉપરનાં ચિત્રો બતાવીને નીચે દર્શાવ્યા છે તેવા પ્રશ્નો પૂછો :


૧. આ બે ચિત્રોમાં શું સરખું છે ?


૨. આ બે ચિત્રોમાં શું જુદું છે ?


૩. તમને કયું ચિત્ર વધુ ગમે ?

૪. તમે ટીવી પર જોતાં હો તેવાં કાર્ટૂનનાં નામ લખો.

## ૧૦ તમને આવડે તે રીતે ચિત્ર નં. ૪ જેવું કાર્ટૂન દોરો :



## ૧૧ વાર્તા બનાવો અને કહો :

વિદ્યાર્થીઓનાં પાંચ પાંચનાં જૂથ બનાવો. "ખિસકોલી, ઉંદર, રીંછ, મરઘી અને છોકરો બધાં મળે તો તેઓ શું કરે ?" આવી વાર્તા કે ઘટના વિચારવા કહો. ત્યાર બાદ જૂથમાં બનાવેલી વાર્તા કે ઘટના વર્ગમાં કહેવડાવવી.

## ૧૨ ગીત ગાઓ :

ઉં...ઉં...ઊં... બીન વાગી, ઢમ ઢમ ઢમ ઢોલક વાગી.
આવ્યો મુછાળો મદારી, બજાઓ બચ્ચોં તાલી.
ઉં...ઉં...ઊં... બીન વાગી, ઢમ ઢમ ઢમ ઢોલક વાગી.
આ તો મોટી રસ્સી છે, એની ઉપર છોકરી છે.
ધીરે ધીરે ચાલે છે, વાંદરો વાંસળી વગાડે છે.
બજાઓ બચ્ચોં તાલી.
ઉં...ઉં...ઊં... બીન વાગી, ઢમ ઢમ ઢમ ઢોલક વાગી.
આ તો મોટી પેટી છે, એની અંદર થેલી છે.
એની અંદર સાપ છે, કાળો મોટો સાપ છે.
બજાઓ બચ્ચોં તાલી. જોર જોરસે તાલી...

## ૧૩ લખો : ક્યાં જોયું ? કેવું હતું ?

૧.  મેં જંગલમાં શિયાળ જોયું હતું. તેની પૂંછડી જાડી હતી.

૨. 


૩. 

૪. 

૫. 

૬. 

૭. 

૮. 

૯. 

૧૦. 

વિદ્યાર્થીઓને અભિનય કરવાનું કહો.

૧. ગાય પાણી કેવી રીતે પીએ ? ૩. પોપટ જામફળ કેવી રીતે ખાય ?

૨. કૂતરો પાણી કેવી રીતે પીએ ? ૪. ઉંદર જામફળ કેવી રીતે ખાય ?

## ⟨૧૪⟩ ધ્યાનથી જુઓ :

ફુગ્ગા    ફુગ્ગા    હીંચકો    હીંચકો

## લખો :

| | | |
|---|---|---|
|  | અહીં ત્રણ ફુગ્ગા છે. | |
|  | નિમેષ પાસે નવો મોબાઈલ છે. | |
|  | હું વિજ્ઞાન વિષય ભણીશ. | |
|  | શ્રીકૃષ્ણ વાંસળી વગાડે છે. | |
|  | ઋષિમુનિઓ યજ્ઞ કરતા હતા. | |

## ૧૫ વાંચો :

અમે શાળામાંથી પ્રવાસે ગયાં. અહીં અમે એક આશ્રમની મુલાકાત લીધી. આ આશ્રમમાં અનેક ગાયો અને વૃક્ષો જોવા મળતાં હતાં. અહીં કેટલાક લોકો યજ્ઞશાળાની અંદર બેઠા હતા. કેટલીક વ્યક્તિઓ અહીં યજ્ઞની તૈયારી કરતી હતી. અમારા શિક્ષક અમને આશ્રમ અંગેની માહિતી આપતા હતા. તેઓએ અમને જણાવ્યું કે અહીં મોબાઇલ વાપરી શકાય નહિ. અહીં મોબાઇલ વાપરવા ઉપર નિષેધ છે. અમે શિક્ષકની આજ્ઞાનું પાલન કર્યું.

ફકરામાંથી શ્ર, ક્ષ, જ્ઞ આવતો હોય તે શબ્દ નીચે લીટી કરવાનું કહો. ત્યાર બાદ તે શબ્દોનું ત્રણ ત્રણ વખત ઝીલવાચન કરાવવું અને નીચેના કોઠામાં લખાવવા.

## લખો :

| શ્ર | ક્ષ | જ્ઞ |
|---|---|---|
| આશ્રમની | | |
| | | |
| | | |

**આ શબ્દ આવતો હોય તેવું વાક્ય લખો.**

| | |
|---|---|
| ઉંદર | નાનો ઉંદર મોટા બિલાડાને છાનોમાનો જુએ છે. |
| ગામ | |
| રસ્તો | |
| પૈસા | |
| વાંસળી | |
| રૂપિયા | |
| આગળ | |
| ટોપી | |
| નદી | |

## ૧૬ વાંચો અને યોગ્ય ક્રમમાં લખો :

| | |
|---|---|
| | બધાં જ કંટાળ્યાં. |
| | બધા ઉંદર પાણીમાં ડૂબી ગયા. |
| | છોકરાં એની પાછળ ચાલતાં થયાં. |
| | વાંસળીવાળો આવ્યો. |
| ૯ | વાંસળીવાળો પૈસા લઈ ચાલતો થયો. |
| | ગામમાં બધે જ ઉંદર. |
| | વાંસળીવાળાએ ફરી વાંસળી વગાડી. |
| | ગામવાળાએ પૈસા આપવાની ના પાડી. |
| ૧ | એક હતું ગામ. |

## ૧૭ મજા... મજા :

૧.



જતીન : આ ઇનામ મને શાળામાંથી મળ્યું.
જય : એવું તો તેં શું કર્યું ?
જતીન : મેં એક સરસ કારેલું દોર્યું હતું.
યજ્ઞેશ : અને આ મોટું ઇનામ કોણે આપ્યું ?
જતીન : એ તો મમ્મીએ આપ્યું.
જય : શાના માટે ?
જતીન : કારેલાંનું શાક ખાવા માટે.






## ૧૮ ચાલો રમીએ :

| અ | હ | મ | દ | ન | ગ | ર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

| ૩૫ | ૩૬૭ | ૬૭૩ | ૫૩૫ | ૩૪૫ |
|---|---|---|---|---|
| મન | | | | |

## ૧૯ રંગ પૂરો :



| ૨ | દાદા ખોવાયા છે |
|---|---|

## ચાલો, ગાઈએ ગીતડું :

અકલમ ચકલમ ચમચમ
બાળક બોલે બમબમ.
ચકલમ પકલમ પમપમ
બાળક બોલે બમબમ.
મકલમ ટકલમ ટમટમ
બાળક બોલે બમબમ.

## ધ્યાનથી જુઓ :



## વાતચીત :

૧. આ ચિત્રમાં શું શું દેખાય છે ?
૨. સૌથી મોટા ચકડોળની બાજુમાં શું છે ?
૩. ચિત્રમાં શાની દુકાન જોવા મળતી નથી ?
૪. તમે આવી દુકાનો બીજે ક્યાં જોઈ છે ?
૫. તમે મેળો જોયો છે ? ક્યાં ?
૬. એ મેળામાં તમે શું જોયું હતું ?
૭. તમે મેળામાં શાની દુકાન કરો ?
૮. તમે મેળામાં કેવા ચકડોળમાં બેસવાનું પસંદ નહિ કરો ?

## વાંચો અને છેકો :

ચિત્ર જુઓ અને સાચું ન હોય તે વાક્ય છેકી નાંખો.

- ચિત્રમાં ચાર દુકાનો છે.
- મેળામાં મીઠાઈની દુકાન નથી.
- મેળામાં જોકર દેખાય છે.
- એક જ દુકાનમાં રમકડાં મળે છે.
- મેળામાં નિશાન તાકવાની દુકાન નથી.
- એક દુકાનમાં કપડાંનું સેલ છે.
- મોતનો કૂવો જોવાની ટિકિટ પાંચ રૂપિયા છે.
- નાનાં બાળકોને ચગડોળમાં બેસવા ન મળે.

## ગીત ગાઓ :

ચાલો, જોવા જઈએ મેળો, ચાલો, જોવા જઈએ,
મેળામાં મજા કરીશું, ચાલો, જોવા જઈએ...
મેળામાં જઈ શું શું કરશું ? ચકરચકર ચગડોળમાં ફરશું,
જાડાપાડા હાથી પર બેસશું.... ચાલો, જોવા....
મેળામાં જઈ શું શું ખાશું ? તીખીમીઠી ભેળ ખાશું,
ઠંડો ઠંડો આઈસક્રીમ ખાશું.... ચાલો જોવા....
મેળામાં જઈ શું શું લેશું ? બહેન માટે બંગડી લેશું,
ભાઈ માટે ભમરડો લેશું, મમ્મી માટે માળા લેશું,
પપ્પા માટે પાકીટ લેશું; ચાલો, જોવા જઈએ મેળો.

## વાતચીત :

- આ ગીતની કઈ લીટી ગાવી તમને ખૂબ ગમી ?
- આ મેળામાં જઈને તમે શું કરશો ?
- મેળામાં તમે ખોવાઈ જાવ તો કોને મળશો ?

## (હા) કે (ના) લખો :

( ) મેળામાં તરવાનું છે.
( ) મમ્મી માટે બંગડી લેવાની છે.
( ) મારા માટે ભમરડો લેવાનો છે.
( ) ભેળ ખાવા જવાનું નથી.
( ) ચગડોળમાં બેસવાનું છે.
( ) મેળામાં ખરીદી કરવાની નથી.
( ) ભાઈ માટે આઈસક્રીમ લેવાનો છે.
( ) ચૉકલેટ ખાવાનું નક્કી છે.
( ) પપ્પા માટે પાકીટ લેવાનું છે.
( ) ઘોડા પર બેસવાનું છે.

## જુઓ અને લખો :

| | | |
|---|---|---|
|  |  |  |
| • હાથીનું ચિત્ર છે. | • | • |
| • બે છોકરાં બેઠાં છે. | • | • |
| • બહેન આગળ છે. | • ઠંડો આઈસક્રીમ ખાશું. | • |

• **ચાલો, ગાઈએ ગીતડું :** અકલમ ચકલમ ચમચમ

## અભિનય કરો :

૧. આઈસક્રીમ ખાતી છોકરી

૨. ફુગ્ગાને નિશાન તાકતી છોકરી

૩. ભમરડો ફેરવતો છોકરો

૪. ગાયને રોટલી ખવડાવતો છોકરો

૫. કેળું ખાતો છોકરો

## વાર્તા : દાદા જ જોઈએ

વાત્રકનગરમાં આનંદમેળો હતો. બધાં મેળાની વાતો કરતાં હતાં. વાત્રકનગરમાં આશિષ સોસાયટી હતી. તેના બંગલા નંબર ત્રણમાં યજ્ઞ રહે. તે પણ એના દાદા ત્રિકમદાસ સાથે આનંદમેળામાં ગયો. તે બહુ ખુશ હતો.

યજ્ઞ તો સીધો રમકડાંની દુકાને ઊભો રહ્યો. તેણે કહ્યું : ''દાદા, મને આ રમકડું લઈ આપો !'' દાદા કહે : ''કોઈ રમકડું લેવાનું નથી !''

તેઓ ત્યાંથી આગળ ગયાં. યજ્ઞ આઈસક્રીમની દુકાન આગળ ઊભો રહી ગયો. તેણે આઈસક્રીમ ખાવાની જીદ કરી. દાદાએ તેને સમજાવતાં કહ્યું : ''બેટા ! પહેલાં મેળો જોઈ લે ! પછી તારે જે જોઈએ તે લઈશું !''

દાદાએ રમકડું ન લઈ આપ્યું. આઈસક્રીમ પણ ન ખવડાવ્યો. યજ્ઞ રિસાઈ ગયો. એટલામાં તેણે મોટું ચકડોળ જોઈને કહ્યું : ''દાદા, મારે પેલા મો...ટા ચકડોળમાં બેસવું છે.'' દાદા આ વખતે રાજી થઈને કહે : ''ભલે ! તું અહીં ઊભો રહે ! હું ટિકિટ લઈને આવું.'' યજ્ઞને ઊભો રાખીને દાદા ટિકિટ લેવા ગયા. ત્યાં જ એક ખેલ બતાવનાર મોટરસાઈકલ લઈને આવ્યો. આસપાસ એકદમ અવાજ વધી ગયો. દોડધામ મચી ગઈ. યજ્ઞ પણ સૌની સાથે દોડ્યો. દાદા ટિકિટ લઈને આવ્યા. તેમણે યજ્ઞને ત્યાં ન જોયો. દાદા હાંફળાફાંફળા થઈને યજ્ઞને શોધવા લાગ્યા.

આ તરફ યજ્ઞ રડતો હતો. એક પોલીસઅંકલે તેને રડતો જોયો. તેમણે પૂછ્યું : ''તારું નામ શું છે ? તું કોની સાથે આવ્યો છે ?''

યજ્ઞએ કહ્યું : ''દાદા સાથે આવ્યો છું. મારા દાદા ખોવાઈ ગયા છે.''

પોલીસઅંકલે કહ્યું : ''ચિંતા ન કરીશ. હું તને તારા ઘેર પહોંચાડીશ. તું ક્યાં રહે છે ?''

યજ્ઞએ રડતાં રડતાં કહ્યું : ''વાત્રકનગર, આશિષ સોસાયટી. મારા દાદાનું નામ ત્રિકમદાસ છે.'' આ સાંભળી પોલીસઅંકલ કહે : ''હું તારા દાદા ત્રિકમભાઈને ઓળખું છું. હું તારા દાદા શોધી આપીશ.''

યજ્ઞ હજુ રડતો હતો. પોલીસઅંકલ કહે : ''તું રડ નહિ ! ચાલ, હું તને આઈસક્રીમ ખવડાવું.''

યજ્ઞ બોલ્યો : ‘‘મારે આઈસક્રીમ નથી ખાવો. મારે તો દાદા પાસે જવું છે.’’

પોલીસઅંકલે તેને સમજાવતાં કહ્યું : ‘‘તારા દાદા આટલામાં જ ક્યાંક હશે. ત્યાં સુધી લે, આ ચણાજોર ગરમ ખા.’’

યજ્ઞએ રડતાં રડતાં કહ્યું : ‘‘ના, મારે કશું ખાવું નથી. મારે દાદા પાસે જવું છે.’’

પોલીસઅંકલ અને યજ્ઞ ધીરે ધીરે ચાલતા હતા. થોડી વારમાં રમકડાંની દુકાન આવી ગઈ. પોલીસઅંકલે કહ્યું : ‘‘હું તને રમકડું અપાવું.’’ યજ્ઞ કહે : ‘‘ના, મારે રમકડું નથી જોઈતું. મારે તો દાદા પાસે જવું છે.’’

પોલીસઅંકલ વારંવાર યજ્ઞને રમકડું લેવા સમજાવતા હતા. યજ્ઞ રડતાં રડતાં બોલ્યો : મારે દાદા જ જોઈએ, બીજું કંઈ જ જોઈતું નથી !’’

## વાતચીત :

- તમને પોલીસઅંકલ ગમ્યા ? કેમ ?
- તમે કે તમારાં ભાઈ-બહેન ક્યારેય ખોવાયાં છો ?
- તમે ખોવાઈ જાવ તો શું કરો ?
- જે મેળામાં ગયા હોય તે હાથ ઊંચો કરે. ત્યાં તમે શું શું જોયું ?
- તમે મેળામાંથી જીદ કરીને શું લીધું હતું ?
- યજ્ઞ રડતાં રડતાં શું બોલતો હતો ?
- તમે હવે મેળામાં જશો ત્યારે શું શું લેશો ?
- તમે કોની સાથે મેળામાં ગયા હતા ?
- યજ્ઞએ કયું રમકડું માગ્યું હશે ?
- આ વાર્તામાં ખાવાની કઈ કઈ વસ્તુઓ આવે છે ?
- દાદા મળી ગયા ત્યારે શું થયું હશે ?

## અભિનય કરો :

૧. મેળામાં ખોવાઈ ગયેલો છોકરો

૨. છોકરાને શોધતા દાદા

૩. છોકરાને મદદ કરતા પોલીસઅંકલ

## આ વાક્યો કોણ બોલે છે ?

- કોઈ રમકડું લેવાનું નથી.
- હું તને તારા દાદા શોધી આપીશ.
- મારે ચકડોળમાં બેસવું છે.
- મારા દાદા ખોવાઈ ગયા છે.
- તું અહીં ઊભો રહે ! હું ટિકિટ લેતો આવું.
- તું ક્યાં રહે છે ?

## જે વાક્ય ગમતું હોય એ ફરીથી લખો :

| | |
|---|---|
| મને પેંડા ભાવે છે. | મને બરફી ભાવે છે. |

| | |
|---|---|
| મને ભણવાનું ગમે છે. | મને રમવાનું ગમે છે. |

| | |
|---|---|
| નિશીથને બૂમો પાડવી ગમે છે. | નિશીથને દોડાદોડ કરવાનું ગમે છે. |

| | |
|---|---|
| ધ્વનિને ક્રિકેટ ગમે છે. | ધ્વનિને કબડ્ડી ગમે છે. |

| | |
|---|---|
| નીલમને ફરવું ગમે છે. | નીલમને ઊંઘવું ગમે છે. |

નીચેના સંવાદમાંથી ષ, ત્ર અને જ્ઞ વાળા શબ્દ નીચે લીટી દોરાવો. લીટી દોરેલા શબ્દોનું મોટેથી ત્રણવાર ઝીલવાચન કરાવવું.

## યજ્ઞનો ઘોડો

(વાલ્મીકિ ઋષિના આશ્રમ પાસે સીતાજીનો પુત્ર લવ બેઠેલો છે. બે ઋષિકુમારો છે. એવામાં યજ્ઞનો શણગારેલો ઘોડો આવતો જણાય છે. લવ ઊભો થઈ જાય છે.)

**લવ** : અરે, આ તો યજ્ઞનો ઘોડો. ચાલો, એને પકડીએ.

**પહેલો ઋષિકુમાર** : ગુરુદેવ તો કહેતા હતા કે એની પાછળ મોટી સેના હોય, જે ઘોડાને બાંધે એણે લડાઈ કરવી પડે.

**લવ** : (ઘોડાને પકડી લેતાં) તો આ પકડ્યો ઘોડાને. આ રાજા રામની હિંમત તો જુઓ ! આપણા આશ્રમની જગામાં ઘોડાને મોકલીને તે આપણને નમાવવા માગે છે. એ તે કેમ ચાલે ?

**બીજો ઋષિકુમાર** : આને આશ્રમની ગૌશાળામાં બાંધી આવું ?

**લવ** : એ જ બરાબર છે. રામને પણ ભલે ખબર પડે કે દુનિયામાં શેરને માથે સવાશેર છે. કુશને પણ ઘોડો બતાવજો. (ઋષિકુમાર ઘોડાને લઈ જાય છે. ત્યાં એક સૈનિક આવે છે.)

**સૈનિક** : ઊભા રહો છોકરાઓ, ઘોડાને છોડી દો. આ તો રાજા રામચંદ્રજીનો ઘોડો છે. એને બાંધશો તો લડાઈ કરવી પડશે.

**લવ** : (ધનુષ્ય સંભાળતાં) તો અમે તૈયાર છીએ.

**કુશ** : (પ્રવેશીને) હા, હા, અમે તૈયાર છીએ.


**લવ** : ભાઈ કુશ, હમણાં તું ખસી જા, આ એકલો છે. એની સાથે હું એકલો જ લડીશ.
(બેઉ લડે છે. લવ સૈનિકને જમીન પર પછાડે છે. સેનાના બીજા સૈનિકો આવે છે. એમને પણ લવ-કુશ હરાવે છે.)


**સુમંત** : અરે ! માત્ર બે છોકરાઓએ આટલા બધા સૈનિકોને હરાવી દીધા !


**ચંદ્રકેતુ** : અજબ છોકરાઓ લાગે છે !

## લખો :

પહેલી અને બીજી લાઇનના ખાનાઓમાં દર્શાવ્યા મુજબ ત્રણ પગલામાં મૂળાક્ષરનું લેખન કરાવો. ત્રીજી લાઇનમાં ટપકાં જોડી મૂળાક્ષર ઘુંટાવો અને છેલ્લી લાઇનમાં આખો મૂળાક્ષર લખાવો.







‘યજ્ઞનો ઘોડો’ સંવાદમાં તમે જે વાક્યમાં શબ્દ નીચે લીટી કરી હોય તેવા ચાર-પાંચ વાક્યો અહીં લખો :

## જવાબ લખો :

૧. સીતાજી ક્યાં રહેતાં હતાં ?




૨. સીતાજીના પુત્રનાં નામ લખો.

૩. એમણે કયો ઘોડો પકડ્યો હતો ?

૪. બે નાના છોકરાઓએ કોને હરાવી દીધા ?

## હીંચકાની મોજ :

આમાંથી કઈ કઈ વસ્તુઓનો હીંચકા તરીકે ઉપયોગ કરી શકો ? √ નિશાની કરો. તેનો ઉપયોગ કેવી રીતે કરશો તે કહો.

| | | |
|---|---|---|
|  |  |  |
|  |  |  |
|  |  |  |

## રંગ પૂરો :




૩

# આટલાં બધાં રમકડાં !

## ચાલો, ગાઈએ ગીતડું :

ટરરર..... ટરરર..... ઢમઢમઢમ.....
કરો રમકડાં કૂચકદમ.....
હાથીભાઈ ચાલે આગળ,
પાછળ ઊંટસવારી,
ખડાક ખડબડ ઘોડો દોડે,
ને શી છટા અમારી !
ચલો સૈનિકો કદમકદમ.....
કરો રમકડાં કૂચકદમ.....
ટરરર..... ટરરર..... ઢમઢમઢમ.....
કરો રમકડાં કૂચકદમ.....

## તમે જે રમકડાંથી રમ્યાં હો તેમાં રંગ પૂરો :



## વાતચીત :

| | |
|---|---|
| ૧. | તમને રમકડાં રમવાં ગમે છે ? |
| ૨. | તમે ક્યારે રમકડાંથી રમો છો ? |
| ૩. | કયું રમકડું તમે કોઈને ન આપો ? |
| ૪. | તમારે કયું રમકડું જોઈએ છે ? |
| ૫. | તમારા ભાઈ કે બહેનને કયું રમકડું ગમે છે ? |
| ૬. | કયા રમકડાની તમને બીક લાગે છે ? |

આ પ્રકારના પ્રશ્નોની બાળકો સાથે ચર્ચા કરો. બાળકો મુક્ત મને પોતાની વાત રજૂ કરે અને મિત્રોને પૂછે એ અપેક્ષિત છે.

## વાર્તા :

### રમકડાવાળા રૂપેશકાકા

એક હતા રૂપેશકાકા. એમને બાળકો ખૂબ ગમે. રૂપેશકાકાનાં સંતાનો અમેરિકા રહેવા ગયાં પછી તેમને ક્યાંય ગમતું નહોતું. રૂપેશકાકાના ઘરે ઘણાં બધાં રમકડાં હતાં. રૂપેશકાકાએ આસપાસનાં બાળકોને પોતાના ઘરે બોલાવવા એક રૂમમાં રમકડાં ગોઠવ્યાં અને પોતાના ઘરને 'ટૉયહાઉસ' નામ આપ્યું.

'ટૉયહાઉસ'માં બાળકોને ખૂબ જ મજા પડતી. આ રમકડાં બાળકોને ઘરે લઈ જવા માટે રૂપેશકાકાએ એક પાટીયા પર લખ્યું. ''એક રમકડું આપી જાઓ અને બે લઈ જાઓ.''

અક્ષય અને શ્રીકાંત બેય પાક્કા ભાઈબંધ. અક્ષયને રૂપેશકાકાનું ટૉયહાઉસ ખૂબ ગમી ગયું. તે ત્યાં ઘણીવાર રમવા જાય. પણ શ્રીકાંત તેની સાથે ન આવે. એ તો આખો દિવસ મોબાઈલથી જ રમ્યા કરે. અક્ષય પોતાની પાસે રહેલું વિમાન રૂપેશકાકાને આપી આવ્યો અને તેના બદલામાં બીજાં બે રમકડાં લઈ આવ્યો : એક જેસીબી અને બીજું બોલતું વાંદરું.

અક્ષયે ઘરે આવી બોલતું વાંદરું શ્રીકાંતને રમવા માટે આપ્યું. શ્રીકાંતે પહેલાં તો ના પાડી. પણ જેવું જોયું કે, આ વાંદરું તો આપણે જેવું બોલીએ એવું બોલે છે એટલે એણે તુરંત મોબાઈલ મૂકીને વાંદરા સાથે વાતચીત ચાલુ કરી. શ્રીકાંત જેવું બોલે એવું વાંદરું પણ બોલે. શ્રીકાંત ગુસ્સે થાય તો વાંદરું પણ ગુસ્સે ભરાય. દાંત કાઢે તો એ પણ દાંત કાઢે. અક્ષયને પણ આ જોઈ ખૂબ મજા આવી. તેણે શ્રીકાંતને કહ્યું, ‘‘તું એકવાર મારી સાથે ચાલ, રૂપેશકાકાના ઘરે આવાં તો અનેક રમકડાં છે.’’ શ્રીકાંતને ટૉયહાઉસ જવાનું બહુ મન થયું. એક દિવસ તે અક્ષય સાથે ત્યાં ગયો. ને પોતાનો મોબાઈલ ત્યાં આપીને તે ગડથોલિયાં મારતું ગલુડિયું અને વાતો કરતો પોપટ લાવ્યો.

એક રવિવારે શ્રીકાંત, અક્ષય અને અક્ષયની બહેન ઋચા ત્રણેય પહોંચ્યાં રૂપેશકાકાના ઘરે. ટૉયહાઉસમાં જ્યાં જુઓ ત્યાં રમકડાં જ રમકડાં. ચાવીવાળાં, રિમોટવાળાં, તાલી પાડતાં, કૂદકા મારતાં, દીવાલ પર ચડતાં, હવામાં ઊડતાં, માથું હલાવતાં, આંખો પટપટાવતાં અનેક રમકડાં જોઈને ત્રણેય બાળકો હરખાઈ ગયાં. ટ્રેનથી રમે, ઢીંગલીને રમાડે, રિમોટથી ગાડી ચલાવે, રીંછને નવડાવે, ગલૂડિયાંને દોડાવે, રસોડામાં રસોઈ બનાવે. આમ અનેક રીતે બાળકો આનંદ આનંદ કરવા લાગ્યાં.

ઋચાએ તો શિક્ષક બનીને બધાંય રમકડાંને ભણવા બેસાડી દીધાં. બોલતું વાંદરું પણ ભણવા બેઠું હતું. ઋચાબેન જેવું બોલે, એવું એ બોલે. પોતાના ચાળા પાડ્યા એટલે બેને એને ક્લાસની બહાર ઊભું રાખી દીધું, બોલો ! અક્ષયે સાપસીડીની રમત શ્રીકાંત સાથે રમવાની ચાલુ કરી. બારી પાસે એક કબૂતર ઋચાએ જોયું, એ તો એને લેવા દોડી. ત્યાં એ કબૂતર તો ઊડી ગયું. એને એમ કે રમકડાનું હશે. બધાં હસી પડ્યાં, ઋચા પણ ખૂબ હસી.

## જવાબ લખો :

૧. ટૉયહાઉસમાં કયાં કયાં રમકડાં હતાં ?

૨. અક્ષય અને શ્રીકાંત કઈ રમત રમતા હતા ?

૩. બોલતું વાંદરું જોઈને કોણે મોબાઇલ મૂકી દીધો ?

૪. અક્ષયે કયું રમકડું ટૉયહાઉસમાં મૂક્યું ?

૫. ટૉયહાઉસમાં તમે કયું રમકડું મૂકવા આપશો ?


૬. તમે કોને કોને રમકડાં રમવા આપો છો ?

૭. તમને રૂપેશકાકાના ટૉયહાઉસમાંથી કયું રમકડું લેવું ગમશે ?

## વાતચીત :

- ચાલો, આપણે સૌ હસીએ. (બાળકોને મોટે મોટેથી જુદી જુદી રીતે હસવાનું કહો)
- તમારે ટૉયહાઉસમાં જવું છે ? ત્યાં જઈને શું કરશો ?
- આ પાઠમાં કયાં કયાં છોકરા-છોકરીનાં નામ આવે છે ? તેમાંથી તમને કયું નામ ગમે છે ?

## વાંદરું કરે તેવો અભિનય કરો :



- **ચાલો, ગાઈએ ગીતડું :** ટરરર..... ટરરર..... ઢમઢમઢમ.....

## વાંચો, સાચું કે ખોટું લખો.

| | |
|---|---|
| ૧. રૂપેશકાકાને બાળકો ગમતાં ન હતાં. | |
| ૨. ઋચાને શિક્ષક-શિક્ષક રમવું ગમતું હતું. | |
| ૩. અક્ષય આખો દિવસ મોબાઈલથી જ રમતો હતો. | |
| ૪. શ્રીકાંત ગાતું ગલુડિયું લાવ્યો. | |
| ૫. કબૂતર રમકડાનું હતું. | |

## ચાલો, રમકડાંથી રમીએ :

બાળકોને ઘરેથી તેમને ગમતું એક રમકડું લાવવાનું કહો. એનું પ્રદર્શન વર્ગમાં ગોઠવો.

બાળકોને આ પ્રદર્શનમાં ગોઠવેલાં તમામ રમકડાંનો પરિચય કરાવો. જેનું રમકડું છે, એ જ બાળક તે રમકડા વિશે બોલે. રમકડાંનો પરિચય થઈ ગયા પછી કયું રમકડું કોનું છે ? એ રમત રમાડો. વારાફરતી એક-એક રમકડું શિક્ષક બતાવશે અને વિદ્યાર્થી એ રમકડું જેનું હશે એ બાળકનું નામ બોલશે. બાળકોને જૂથમાં બેસાડી આ રમકડાં રમવા આપો.

## હવે, આપણે રમકડું બનાવીએ :

બાળકો પોતાના હાથનો ઉપયોગ કરી સર્જનનો આનંદ મેળવે એ માટે તેમને આ પ્રવૃત્તિ કરાવવી. માટીકામ માટે ભીની લાલ માટી કે ક્લે પણ વાપરી શકાય. શાળામાં માટી ઉપલબ્ધ ન હોય તો બાળકોને થોડીથોડી માટી લાવવા કહી શકાય. આ પ્રવૃત્તિ પછી બાળકોને પોતાનો અનુભવ બધા વચ્ચે કહેવા પ્રોત્સાહન આપો. સૌ પ્રથમ ફોટામાં દેખાતા માટીનાં રમકડાં વિશે પ્રશ્નો પૂછો.



**માટી વડે તમને ગમતું કોઈ એક રમકડું બનાવો. આ માટે તમારા શિક્ષકની મદદ લો.**

## ગીત ગાઓ :

શિક્ષકે આ ગીત અભિનય સાથે ગવડાવવું.

### રંગબેરંગી રમકડાં

રંગબેરંગી રમકડાંની ગાડી આવી રે
નાનાં-મોટાં જોવા ચાલો શું શું લાવી રે...
હાથી, ઘોડા, ઊંટ લાવી,
ચકલી, પોપટ, મેના લાવી

દડા સાથે બેટ લાવી
રીંછ લાવી, વાઘ લાવી, વાંદરા લાવી રે..... નાનાં-મોટાં.....
છુકછુક એન્જિન ગાડી લાવી
પમપમ કરતી મોટર લાવી
ઊડતું વિમાન લાવી
નાની-મોટી સાઈકલ લાવી
ફુગ્ગા ને ફરફરિયાં સાથે મોર લાવી રે..... નાનાં-મોટાં.....
પિપૂડાં-પિસ્તોલ લાવી
નાનો એવો ઢોલ લાવી
ફરતું ચકડોળ લાવી
બહેન માટે ડોલ લાવી
નાની-મોટી ઢીંગલીઓ ને વ્હિસલ લાવી રે..... નાનાં-મોટાં.....

## વાતચીત :

બાળકોને નીચેના પ્રશ્નો પૂછી માહિતી લાવવા કહો. પછીના દિવસે બાળકોને મળેલા જવાબોની વર્ગમાં ચર્ચા કરાવો.

- તમારા દાદા-દાદીને પૂછો તેઓ કયાં કયાં રમકડાંથી રમતાં હતાં ?
- તમારા મમ્મી-પપ્પાને પૂછો તેઓ કયાં કયાં રમકડાંથી રમતાં હતાં ?
- તમે કોઈ રમકડું જાતે બનાવ્યું છે ? શું બનાવ્યું ? કેવી રીતે ? તેના વિશે કહો.

## ગીતમાંથી લખો :

૧. જેમાં 'ટ' આવતો હોય તેવા શબ્દો : મોટી

૨. જેમાં 'ડ' આવતો હોય તેવા શબ્દો : રમકડાં

૩. જેમાં 'વ' આવતો હોય તેવા શબ્દો : આવી

## નીચેના શબ્દોમાં 'ક્ષ' પર ગોળ કરો :

| | | | | |
|---|---|---|---|---|
| અ ક્ષ ર | ક્ષ ત્રિ ય | ક્ષિ તિ | ભ ક્ષ ક | ક્ષા ત્ર ધ ર્મ |
| દ ક્ષા | ન ક્ષ ત્ર | ર ક્ષા | ર ક્ષ ક | રા ક્ષ સ |
| ક્ષા ર | અ ક્ષ ય | મૂ ળા ક્ષ ર | અ ક્ષ ર ધા મ | ર ક્ષ ણ |

## નીચેના શબ્દોમાં 'શ્ર'ની નીચે લીટી દોરો :

| | | | | |
|---|---|---|---|---|
| શ્રુતિ | શ્રીનાથજી | જયશ્રી | મિશ્રિત | શ્રેણિક |
| સર્વશ્રેષ્ઠ | શ્રીમાન | આશ્રિત | બહુશ્રુત | શ્રેણી |
| શ્રેષ્ઠ | શ્રેય | સુશ્રી | સુશ્રુત | અશ્રુ |

## ગમતું નામ પસંદ કરો અને રમો :

રૂપેશ, શ્રવણ, શ્રુતિ, રૂપા, ઋતુ, ઋચા, જયશ્રી, શ્રીદેવી, ક્ષિતિ, અક્ષય, શ્રીરામ, ઋષિ, અક્ષર

કોઈ એક નામ પસંદ કરો.


હવે, તમારા શિક્ષક રમત રમાડશે એ રમત રમો.


બાળકની કુલ સંખ્યા મુજબ કાર્ડ બનાવો. અલગ અલગ કાર્ડ પર ઉપર લખેલાં નામ લખવાં. દરેક બાળકને તેમની પસંદગીનું નામ પૂછો અને તેનું કાર્ડ આપો.


રમત - ૧ : 'અમે એક અક્ષરવાળાં' રમત રમાડો. એક બાળક ખંજરી વગાડશે. બધાં બાળકો વર્તુળમાં દોડશે. ખંજરી બંધ થાય એટલે એકસરખા અક્ષરવાળાં બાળકો જૂથ બનાવશે. ચાર ટુકડી **ક્ષ, શ્ર, ઋ** અને **રૂ**માં વહેંચવા કહો.

રમત - ૨ : "નવું નામ નવું કામ" બાળકને જે નામ પહેરાવ્યું છે, તમે એ નામથી બોલાવે તો જ તમે કહો તેમ કરવાનું. બાળકનું મૂળ નામ બોલો તો કરવાનું નહિ. જેમ કે, રાહુલને **ઋષિ** નામ પહેરાવ્યું છે અને તમે ઋષિ ઊભો થા કહો તો ઊભું થવાનું પરંતુ રાહુલ બેસી જા એમ કહો તો બેસવાનું નહિ.

## આ રીતે લખો :








- **ચાલો, ગાઈએ ગીતડું :** ટરરર..... ટરરર..... ઢમઢમઢમ

## વાંચો અને લખો :

૧. ઋષભ વાંચે છે.

૨. આ ઋગ્વેદ છે.

૩. ઋષિ યજ્ઞ કરે છે.

૪. શ્રવણ કાવડ લઈને ગયો.

૫. મારા અક્ષર સારા છે.

૬. આ રૂમ સારો છે.

૭. ખાંસી આવે તો રૂમાલ વાપરો.

૮. રોજરોજ શ્રમ કરવો.

૯. દર ચાર મહિને ઋતુ બદલાય છે.

૧૦. હંમેશાં ક્ષમા આપો.

## રંગ પૂરો :

ચિત્રમાં રંગબેરંગી ક્ષ, શ્ર, ઋ, રૂ અક્ષરોથી રંગ પુરાવો.



## જરા વાંચો તો...

રૂપાલી અને ઋત્વિક બંને ગયાં બગીચામાં. બંને બાંકડે બેઠાં. બંને પાક્કાં મિત્ર. બગીચામાં લીલાંછમ વૃક્ષો. વૃક્ષો પર રૂપાળાં પક્ષીઓ. રૂપાલીના માથા પર અચાનક ટપ દઈને કંઈક પડ્યું. ઋત્વિકે ઉપર જોયું અને હસ્યો. ત્યાં તેમના શિક્ષક આવ્યા. રૂપાલીને રૂમાલ આપીને ખડખડાટ હસ્યા. શિક્ષક સામે જોઈને રૂપાલી અને ઋત્વિક પણ ખૂબ હસ્યાં.

## સુધારીને લખો :

૧. રૂપાલી અને શિક્ષક બાંકડા પર બેઠાં.


૨. ઋત્વિકના માથા પર ટપ દઈને કંઈક પડ્યું.

૩. રૂમાલ ખડખડાટ હસ્યો.

૪. પક્ષી સામે જોઈને બંને મિત્રો હસ્યાં.

૫. રૂપાળાં વૃક્ષો પર લીલાંછમ પક્ષીઓ હતાં.

કોને શું મળશે ? ભુલભુલામણીમાં લીટી દોરી વાહન સુધી પહોંચાડો.



**ખાલી જગ્યા પૂરો :**

૧. ચશ્માંવાળા ______ ને ______ મળી.

૨. બે ચોટલાવાળી ______ ને ______ મળી.

૩. ______ છોકરીને ______ મળી.

૪. ______ છોકરાને ______ મળી.

૪

# જંગલબુક

## ચાલો, ગાઈએ ગીતડું :

ભાગો રે ભાઈ, ભાગો !
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું,
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી,
ભાગો રે ભાઈ, ભાગો !

અચ્ચર આવે, કચ્ચર આવે,
મોટા મોટા મચ્છર આવે,
હીંચકા ખાઉં તો ચક્કર આવે,
પહાડમાંથી પથ્થર આવે,
સસલાંઓનું લશ્કર આવે,
અચ્ચર આવે, કચ્ચર આવે.

## દોરો :

મચ્છર

સસલું

## જોડો અને લખો :






આ પૂંછડી કૂતરાની છે.








































## જુઓ અને જવાબ લખો :

(૧) તમને કોની પૂંછડી ગમી ?

(૨) કોની પૂંછડી વાંકી છે ?

(૩) સૌથી લાંબી પૂંછડી કોની છે ?

(૪) કેટલાંની પૂંછડીમાં એકથી વધુ રંગો છે ?

(૫) તમે કોની કોની પૂંછડીને અડ્યાં છો ?

- શિક્ષક / વિદ્યાર્થી અહીં ચિત્રમાં આપેલાં પ્રાણીઓના અવાજ કાઢીને સંભળાવે અને વિદ્યાર્થીઓ જૂથમાં તે પ્રાણીનું નામ બોલે એવી રમત રમાડવી. આ પ્રાણીઓ સિવાય વિદ્યાર્થીઓએ આસપાસમાં ક્યાં ક્યાં પ્રાણીની પૂંછડી જોઈ છે તે પૂછો.
- પ્રાણીઓનું બે-ત્રણ દિવસ અવલોકન કરાવો. પ્રાણીઓને પૂંછડી શા માટે હોય છે ? તેઓ તેનો શો શો ઉપયોગ કરે છે વગેરે બાબતો અંગે વર્ગમાં વાતચીત કરો.

## ઓળખો :



આ પ્રાણીમાં કયું અંગ કોનું છે તે બાળકોને ઓળખવા કહો. ત્યારબાદ લખવા કહો.

## ચિત્ર જોઈને લખો :

૧. મોઢું ______ નું છે.

૨. કાન ______ ના છે.

૩. પૂંછડી ______ ની છે.

૪. ______

૫. ______

૬. આ પ્રાણીનું નામ ______ હોય તો મજા આવે !

• **ચાલો, ગાઈએ ગીતડું :** ભાગો રે ભાઈ, ભાગો ! અચ્ચર આવે, કચ્ચર આવે

## વાર્તા :

### સિંહસાહેબની પૂંછ

એક મોટું જંગલ હતું. જંગલનો રાજા સિંહ હતો. જાતે શિકાર કરે, ભરપેટ જમે અને બાકી વધ્યું હોય એ એક શિયાળ ખાય. શિયાળને પણ મજા આવી ગઈ હતી. કશું કરવાનું નહીં, તો પણ જમવાનું મળી જાય.

સિંહ ઘરડો થઈ ગયો. હવે જાતે શિકાર કરીને ખાવા જેટલી શક્તિ જ નહોતી. સિંહ અને શિયાળ ત્રણ-ચાર દિવસથી ભૂખ્યાં હતાં.

એક દિવસ શિયાળે જોયું કે દૂરથી એક સસલો આવતો હતો. શિયાળે સિંહને

સમજાવ્યું કે, 'તમે થોડીક વાર મરવાનું નાટક કરો તો સસલાનો શિકાર કરી શકાય એમ છે.' શિયાળની વાત માનીને સિંહ હાલ્યા-ચાલ્યા વગર પડી રહ્યો. શિયાળ તો ખોટુંખોટું રોતું જાય અને સિંહ પર સૂકાં પાંદડાં નાખતું જાય. સસલાએ આવીને પૂછ્યું, ''આ શું કરો છો, શિયાળભાઈ ?''

''દેખાતું નથી ? સિંહરાજા મરી ગયા છે. તું પણ અહીં આવ અને રાજાજીને દાટવામાં મને મદદ કર.''

સસલાને થયું કે મરેલા સિંહ માટે શિયાળભાઈ દુઃખી થાય એવા નથી. નક્કી કંઈક ગરબડ લાગે છે. સસલો થોડીવાર સુધી પડેલા સિંહને બરાબર જોતો રહ્યો અને શિયાળને કહ્યું, ''તમારી કંઈક ભૂલ થાય છે. સિંહ મરી જાય એટલે એનું ફક્ત શરીર અક્કડ થઈ જાય પણ એની પૂંછડી તો હલે. જુઓ, સિંહરાજાની પૂંછડી તો જરાય હલતી નથી.'' ખોટું ખોટું સૂતેલા સિંહે આ વાત સાંભળી એટલે એણે તરત જ પૂંછડી હલાવી. સસલાને સાચી વાતની ખબર પડી કે તરત જ એ તો ત્યાંથી ભાગ્યો.

સિંહ અને શિયાળ ફરીથી કોઈકને ફસાવવાની રાહ જોતાં બેઠાં રહ્યાં.

## વાતચીત :

- આ વાર્તામાંથી જે શબ્દો યાદ રહ્યા હોય તે શબ્દો બોલો.
- શિયાળ અને સસલું જે બોલ્યા હોય તેમની જેમ અવાજ કાઢી બોલો.
- સૌથી હોશિયાર કોણ લાગે છે ?
- તમારે કોના જેવું થવું છે ?

## 'હા' કે 'ના' લખો :

(૧) શિયાળ જંગલનો રાજા છે. ☐

(૨) શિયાળ શિકાર કરીને ખાય છે. ☐

(૩) સિંહ અને શિયાળને બહુ જ ભૂખ લાગી હતી. ☐

(૪) શિયાળ સસલાને મળવા જાય છે. ☐

(૫) સિંહ ભૂખથી મરી ગયો તેથી શિયાળ ખૂબ રડે છે. ☐

(૬) સસલો સિંહને જોઈને ભાગી જાય છે. ☐

(૭) શિયાળ સિંહની પૂંછડી હલાવે છે. ☐

(૮) સિંહ અને શિયાળ સસલાને ખાઈ જાય છે. ☐

## વાક્યો પૂરાં કરીને બોલો :

- એક મોટું .................................. હતું.
- સિંહ બહુ જ ..................................
- શિયાળે જોયું કે દૂરથી ..............................
- તમારી કંઈક ..................................

## લખો :

(૧) કોણ ઘરડું થઈ ગયું હતું ? સિંહ

(૨) શિયાળ સિંહ પર શું નાખતો હતો ?

(૩) કોની વાત સાંભળી સિંહે પૂંછડી હલાવી ?

(૪) કોનામાં શક્તિ ન હતી ?

(૫) નાટક કરવાનું કોણે કહ્યું ?

(૬) સિંહ મર્યો નથી તેની ખબર કોને હતી ?

(૭) સિંહની હલતી પૂંછડી કોણે જોઈ ?

(૮) સાચી વાતની ખબર કોને પડી ?

## ક્રમમાં ગોઠવો :

દરેક વાક્ય બે વખત વાંચો, વંચાવો ને પછી પૂછો : સૌથી પહેલાં શું થયું હતું ? તે પછી ? તે પછી ?... ને છેલ્લે શું થયું ? પછી બધાં વાક્યો ક્રમમાં બોલાવો.

(૧) ખોટેખોટું સૂતેલા સિંહે પૂંછડી હલાવી.

(૨) શિયાળે સસલાનો શિકાર કરવા માટે યુક્તિ કરી.

(૩) સસલાએ કહ્યું કે મરેલા સિંહની પૂંછડી તો હલે.

(૪) શિયાળે રડતાં રડતાં સિંહ પર પાંદડાં નાંખ્યાં.

(૫) સસલાને ખબર પડી ગઈ કે સિંહ જીવે છે.

## 'સિંહસાહેબની પૂંછ' વાર્તામાંથી પાંચ વાક્યોનું શ્રુતલેખન કરાવો :

## તમારો, મમ્મીનો અને પપ્પાનો અથવા વડીલોનો અંગૂઠો છાપો. દરેક પરથી ચિત્ર બનાવો :



## વાતચીત :

**નીચે જેવા પ્રશ્નો પૂછો.**

(૧) પહેલા ખાનામાં શું બનાવ્યું છે ?

(૨) ઢીંગલી / પતંગિયું કોણે બનાવ્યું છે ?

(૩) બીજા ખાનામાં શું બનાવ્યું છે ?

(૪) કયું ચિત્ર બનાવવાની સૌથી વધારે મજા આવી ?

(૫) તમારા મિત્રએ બનાવેલાં ચિત્ર જુઓ. જેણે તમને ગમતાં ચિત્ર બનાવ્યાં હોય તેવા બે મિત્રોનાં નામ લખો :

## શિક્ષક વંચાવે તેમ મોટેથી વાંચો :

આ જોડી વિદ્યાર્થીઓને નાનો-મોટો, તીણો-જાડો વગેરે અવાજ કાઢીને બોલાવો. વચ્ચેના અક્ષરનો ઉચ્ચાર સ્પષ્ટ થાય તે જુઓ.

| આખો બોલો | અડધો બોલો |
|---|---|
| ડબબો | ડબ્બો |
| ઝભભો | ઝભ્ભો |
| અપપુ | અપ્પુ |
| ગપપું | ગપ્પું |
| પથથર | પથ્થર |
| અધધર | અધ્ધર |
| મુનની | મુન્ની |
| ખિલલી | ખિલ્લી |
| બિલલી | બિલ્લી |
| ખિસસું | ખિસ્સું |

## 'સિંહસાહેબની પૂંછ' વાર્તામાંથી આવા અડધા અક્ષરોવાળા શબ્દો શોધીને લખો :

ભાગ્યો

## ગીત ગાઓ :



પેલાં ચકલીબાઈએ માળા બાંધ્યા ઢંગ વગરના.....
પેલા દરજીડા ને સુગરીબાઈના કેવા મજાના
પેલાં ચકલીબાઈએ...
ઝાડે ખિસકોલીએ માળા બાંધ્યા રૂના રેસાના
કાબર કબૂતર ને ઘૂવડ વળી કાગડા કોયલના
પેલાં ચકલીબાઈએ...



પેલા ઉંદરભાઈએ દર ખોદ્યાં કેવાં મજાનાં
સાપે પેસી જઈને રાફડા કર્યા હક વગરના
પેલાં ચકલીબાઈએ...
કીડી મકોડીએ દરનાં કર્યાં નગર મજાનાં
પેલા વાંદરાભાઈ તો રખડ્યા કરે ઘર વગરના,
પેલાં ચકલીબાઈએ...



## આ ગીતની તમને ગમતી બે લીટીઓ અહીં સારા અક્ષરે લખો.

## લખો :

ઉંદર ______ માં રહે.

સાપ ______ માં રહે.

સુગરી ______ માં રહે.

કીડી ______ માં રહે.

ચકલી ______ માં રહે.

## લખ્યું છે એમ લખો :

| | | | |
|---|---|---|---|
| વાંદરો | ખિસકોલી | ચકલી | કીડી |
| કાગડો | ઉંદર | સુગરી | મંકોડો |


## "અમને જીવતાં કરો" :

૧.

૨.

૩.

૪.



૧.  

૨.  

૩.  

૪.  

---

૧.  

૨.  

૩.  

૪.  

• **ચાલો, ગાઈએ ગીતડું :** ભાગો રે ભાઈ, ભાગો ! અચ્ચર આવે, કચ્ચર આવે

## વાતચીત :

વિદ્યાર્થીઓને પક્ષીઓ, પ્રાણીઓ અને જંતુઓ ક્યાં રહે છે તેનું અવલોકન કરીને આવવા કહો. તેમને ઇન્ટરનેટ પર પશુ, પક્ષી, જીવજંતુનાં રહેઠાણો બતાવો અને નીચે જેવા પ્રશ્નો પૂછી ચર્ચા કરો.

૧. તમે કીડી / કરોળિયો / વંદો / ગરોળી ક્યાં જોયાં છે ?
૨. કબૂતરને જીભ હોય ?
૩. કયાં પ્રાણીઓ જીભેથી ચાટીને પાણી પીએ છે ?
૪. ગાય / ભેંસ / વાઘ / સિંહ / દીપડો / ગરોળી / ઉંદર / વાંદરા વગેરે કેવી રીતે પાણી પીએ ? દરેકનો અભિનય કરી બતાવો.

## શબ્દ અંતાક્ષરી રમીએ.

વિદ્યાર્થીઓને નીચેના શબ્દોનું ઝીલવાચન કરાવીને ઉદાહરણ મુજબ એક શબ્દ પરથી ચાર શબ્દ સુધી લખવા કહો. ત્યારબાદ તેમણે લખેલા શબ્દો વારાફરતી મોટેથી વંચાવો.

| | | | | |
|---|---|---|---|---|
| અચ્ચર : | રમકડું | ડુંગર | રસોઈ | ઈયળ |
| ૧. ભક્ત : | ત | | | |
| ૨. ડબ્બો : | બો | | | |
| ૩. ઍરોપ્લેન : | ન | | | |
| ૪. ફટાક : | ક | | | |
| ૫. બિલ્લી : | લી | | | |


## રંગબેરંગી ક્ષ, શ્ર, ઋ, રૂ વડે ચિત્રોમાં રંગ પૂરો.





● **ચાલો, ગાઈએ ગીતડું :** ભાગો રે ભાઈ, ભાગો ! અચ્ચર આવે, કચ્ચર આવે

| ૫ | મારે તો બસ રમવું છે |
|---|---|

## ચાલો, ગાઈએ ગીતડું :



ગોળ ગોળ ધાણી...
ફિત્તે ફિત્તે પાણી...
ઘૂંટણ સુધી પાણી...
ગોળ ગોળ ધાણી
ફિત્તે ફિત્તે પાણી
કમર સુધી પાણી
ગોળ ગોળ ધાણી
ફિત્તે ફિત્તે પાણી
ખભા સુધી પાણી
ગોળ ગોળ ધાણી
ફિત્તે ફિત્તે પાણી
આંખો સુધી પાણી
ગોળ ગોળ ધાણી
ફિત્તે ફિત્તે પાણી
માથા ઉપર પાણી...



પહેલાં સમૂહમાં ઝીલગાન કરાવો, ત્યારબાદ આ રીતે અભિનય સાથે ગવડાવો :

શિક્ષક : ગોળ ગોળ ધાણી
વિદ્યાર્થી : ફિત્તે ફિત્તે પાણી
શિક્ષક : ઘૂંટણ સુધી પાણી

બધા વિદ્યાર્થીઓ ઘૂંટણ સુધીના પાણીમાં ચાલવાનો અભિનય કરશે અને સમૂહમાં ગાશે “ઘૂંટણ સુધી પાણી...”. આ રીતે ગીતડું આગળ ચાલશે. ત્રણ-ચાર વખત પછી શિક્ષકની ભૂમિકા બીજો કોઈ વિદ્યાર્થી લે અને ગવડાવે.

## જુઓ... વાંચો... ભજવો.

### હું તરસ્યો કાગડો

| | વાર્તા | અભિનય | |
|---|---|---|---|
|  | ૧. એક તરસ્યો કાગડો પાણી શોધવા આમતેમ ફરતો હતો. | વાંકા વળી કૂદકા મારી આમતેમ પાણી શોધો. |  |
|  | ૨. એટલામાં તેણે કુંજો જોયો. | ખુશ થઈને દોડો. |  |
|  | ૩. કાગડાએ કુંજામાં ચાંચ બોળી પણ પાણીને અડકી નહીં. | ઘૂંટણભેર બેસી માથું નમાવી મોં ઉપર દુઃખનો ભાવ લાવો. |   |
|  | ૪. કાગડો વિચારમાં પડી ગયો પણ તે નિરાશ થયો નહિ. | વિચાર કરતા હોય તેમ કરી ફરો. | |
|  | ૫. કાગડાએ નીચેથી કાંકરા વીણ્યા. એક પછી એક કુંજામાં નાખ્યા. | નીચે નમી કાંકરા વીણો, પછી કુંજામાં કાંકરા નાખો. |  |
|  | ૬. કુંજાનું પાણી ઉપર આવ્યું. કાગડાએ ચાંચ બોળી ધરાઈને પાણી પીધું. | મોં લંબાવી પાણી પીઓ. |  |
|  | ૭. કાગડો કા...કા કરતો ઊડી ગયો. | હાથ ઊંચા કરી કા...કા કરતાં ચાલ્યા જાઓ. |  |

બધાં બાળકોને હાવભાવ સાથે ગવડાવો.

**ઊંડું પાણી કુંજામાં ઊંચે લેવા કાજ,**
**કાંકરા નાખી કાગે, પાણી પીધું આજ.**

વાર્તા કહો અને જુદા જુદા વિદ્યાર્થીઓને અભિનય કરવાનો મોકો આપો. એક વિદ્યાર્થી વાર્તા કહે અને બીજો અભિનય કરે તેવી જોડી બનાવો.

## વાતચીત :

૧. તમે કાગડો બન્યા ત્યારે તમને શું કરવાની મજા આવી ?

૨. કાગડો બનીને તમે શું શું કર્યું ?

૩. કાંકરા ન મળે તો તમે કેવી રીતે પાણી પીઓ ?

૪. પાણી કેટલી રીતે પિવાય ?

૫. ચકલી કુંજામાંથી પાણી કેવી રીતે પીએ ?

૬. કાગડો બનીને આ વાર્તા કોણ કહેશે ?

૭. બધાં કા...કા...કા બોલો અને આમતેમ જુઓ.

## વાર્તા પૂરી કરો :

એક હતો ______. તેને ખૂબ ______ લાગી હતી. તે ______ શોધતો હતો. એટલામાં તેણે એક ______ જોયો. કાગડાએ કુંજામાં ______ બોળી પણ પાણીને અડકી નહીં. કાગડાએ નીચેથી ______ વીણ્યા. એક પછી એક કુંજામાં નાખ્યા. કુંજાનું પાણી ______ આવ્યું. કાગડાએ પાણી ______ અને કા કા કરતો ______ ગયો.

## શબ્દો ગોઠવીને વાંચો :

૧. ચાંચ કાગડાએ બોળી કુંજામાં.

૨. વીણ્યા નીચેથી કાગડાએ કાંકરા.

૩. કુંજામાં પથ્થર કાગડાએ નાખ્યા.

૪. ઉપર કુંજામાં પાણી આવ્યું.

૫. કા કા કરતો ઊડી ગયો કાગડો.

૬. હતો આ હોશિયાર ખૂબ કાગડો.

## વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો. ચોકઠામાં ચિત્ર દોરો :

- [ ] કાગડાએ કુંજામાં કાંકરા નાખ્યા.
- [ ] કાગડાએ પાણી પીધું.
- [ ] કુંજામાં પાણી ઓછું હતું.
- [ ] કાગડો પાણી શોધતો હતો.
- [ ] કુંજામાં પાણી ઊંચે આવ્યું.
- [ ] કાગડાએ એક કુંજો જોયો.

કુંજો

કાગડો

ઊડતો કાગડો

## ગીત ગાઓ :

આટાપાટા, ગિલ્લીદંડા કાં તો સંતાકૂકડી,
સંતુબેની ચાલો રમવા, અમે બનાવી ટુકડી.
'લંગડીમાં હું સૌને પકડું' ફાંકો રાખતી નીલ્લમ,
આજ એને હંફાવી દઈએ ઉતારીએ એની ફિલ્લમ,
એક પગે લંગડી ના ફાવે ? આમલીપીપળી રમશું,
ખિસકોલીની જેમ પછી સહુ ડાળે ડાળે ભમશું.
જો કોઈ તારી પાસે આવી કહેશે, 'ચલકચલાણી.'
શૈલાને ચીંધીને કહેજે : 'પેલ્લે ઘેર ધાણી.'
રમતાં - ભમતાં થાકીશું નહીં ને પરસેવે ના'શું.
પછી જઈને તળાવકાંઠે, ધમ્મ ધુબાકા મારશું.
મમ્મીને કહી દઉં છું કે નહીં કરતી ચિંતા ખોટી,
સંતુબેન તો મારી સાથે રમતાં થાશે મોટી.

## શોધો અને લખો :

| | | |
|---|---|---|
| ૧. નીલમ - | નીલ્લમ | ૪. ધુબાકા - |
| ૨. ફિલમ - | | ૫. ગિલી - |
| ૩. ચલક - | | ૬. પેલે - |

જો 'ભાવેશ' ને 'ભાવ્વેશ' કહીએ તો કેવી મજા પડે !

## લખો અને મોટેથી વાંચો.

| | | |
|---|---|---|
| ૧. ભાવેશ - | ભાવ્વેશ | ૪. જલેબી - |
| ૨. રાકેશ - | | ૫. નીલા - |
| ૩. ગોપાલ - | | ૬. ભૂમિકા - |

## તમારા છ મિત્રોનાં ઉપર જેવાં નામ અહીં લખો અને તેમને એ નામથી બોલાવો.

૧.

૨.

૩.

૪.

૫.

૬.

## આવાં વાક્ય તમે બનાવી શકો ?

ઉદાહરણનાં વાક્યોનું વિદ્યાર્થીઓને સમૂહમાં મોટેથી ઝીલવાંચન કરાવો. ત્યારબાદ તેમને આપેલાં વાક્યોમાં લીટી દોરેલા શબ્દનો એક અક્ષર ઉદાહરણ મુજબ બનાવી લખવાનું અને મોટેથી વાંચવાનું કહો.

→ અમે ગોધરા ગયાં.

⇒ અમે ગોધ્ધરા ગયા.

→ તમે નદીસર જોયું ?

⇒ તમે નદ્દીસર જોયું ?

→ ફત્તેસિંહે ફાટક બંધ કર્યું.

⇒

→ એ તો કેવી અજબ જેવી વાત છે !

⇒

→ બાબુભાઈએ બકરી પાળી.

⇒

→ અમે મેળામાં ખૂબ મજા કરી.

⇒

## વાંચો :

આ વાક્યો મોટેથી વાંચો. ત્યારબાદ એક એક વાક્યનું સમૂહમાં ઝીલવાંચન કરાવો. લીટી દોરેલો શબ્દ આવે ત્યારે વિદ્યાર્થીઓ પાટલી પર હાથ પછાડશે. ત્યારબાદ વિદ્યાર્થીને વારાફરતી ઊભા થઈને મોટેથી શબ્દ વાંચવા કહો.

૧. કાગડો તરસ્યો હતો. કુંજામાં પાણી ઓછું હતું. પછી કાગડાએ યુક્તિ કરી.

૨. ફૂલસિંગનો ફટાકડો ફટ્ટાક દઈને ફૂટ્યો.

૩. ભરતપુરનો ભવ્ય ભટ્ટ લાડવા કરે સફાચટ્ટ !

૪. જગ્ગુ જુઠ્ઠું બોલ્યો એટલે તન્નુએ તેની કિટ્ટા કરી.

૫. મમ્મીએ ચુન્નુને તડકામાં રમવાની ના પાડી હતી. ચુન્નુ તડકામાં રમીને આવ્યો. મમ્મીએ ગુસ્સે થઈ કહ્યું, ''ચુન્નુ, તું જક્કી છે !''

૬. ત્રિશાએ પપ્પા પાસે સો રૂપિયા માગ્યા. પપ્પાએ તેને ફક્ત પચાસ રૂપિયા આપ્યા.

૭. દાદા દરરોજ કૃષ્ણમંદિરે જાય છે. તે કૃષ્ણના ભક્ત છે.

૮. આપણા રાજ્યનું નામ ગુજરાત છે.


૯. મારા કાકા ધનસુખલાલ ગજ્જર ધનાઢ્ય માણસ છે. તેમની પાસે ખૂબ પૈસા છે. તેઓ હંમેશાં ઍરોપ્લેનમાં પ્રવાસ કરે છે.

૧૦. હું શાળાએ જઈ શકું તેમ નથી. મેં શિક્ષકને રજાચિઠ્ઠી આપી છે.

## લીટી દોરેલા શબ્દો લખો :

## ગીત ગાઓ :

ગીતનું ગાન અને સમૂહગાન કરાવો.



### અમે રેતીમાં રંગભેર...

અમે રેતીમાં રંગભેર રમતાં હતાં
અમે ભાઈ-બહેન સૌને ગમતાં હતાં.
અમે બાગ બગીચે રમતાં હતાં,
અમે ખીલેલાં ફૂલડાં સૂંઘતાં હતાં.
અમે રેતીમાં .....
અમે ચાંદાની ચાંદનીમાં રમતાં હતાં,
ઝીણા ટમટમતા તારલિયા ગણતાં હતાં.
અમે રેતીમાં .....
અમે નદી તળાવે ફરતાં હતાં,
પાણી દેખીને તરવા પડતાં હતાં.
અમે રેતીમાં .....
અમે માટીના કૂબા કરતાં હતાં,
તે જોઈ આનંદે નાચતાં હતાં.
અમે રેતીમાં .....

## વાતચીત :

- તમને આમાંથી શું કરવું બહુ ગમે ?
- ગીતના જે શબ્દ યાદ હોય તે બોલો.
- ફૂલડાંવાળી લીટી વાંચી અભિનય કરો.
- તારલિયાવાળી લીટી ગાઈ અભિનય કરો.
- 'અમે' એટલે કોણ કોણ ?
- તમે રમવા માટે ક્યાં ક્યાં જાઓ છો ?

## ગીતમાંથી શોધો :

- સાચું શું ? √ કરો.

☐ અમે ફૂલડાં તોડતાં હતાં.

☐ અમે ફૂલડાં સૂંઘતાં હતાં.

☐ અમે તારા તોડતાં હતાં.

☐ અમે તારા ગણતાં હતાં.

☐ અમે ચાંદાની ચાંદનીમાં રમતાં હતાં.

☐ અમે તારાની ચાંદનીમાં રમતાં હતાં.

☐ અમે માટીનાં ઘર બનાવતાં હતાં.

☐ અમે માટીના ડુંગરા બનાવતાં હતાં.

## ચિત્રની બાજુમાં વાક્યનો ક્રમ લખો :

૧. છોકરા અને છોકરીઓ વૉલીબૉલ રમે છે.

૨. અમૃત અને અમૃતા ડિશ રમે છે.



૩. દર્શન અને દર્શના રેતીમાંથી ઘર બનાવે છે.

૪. સૃષ્ટિ અને કૃપેશ ફરકડી ફેરવે છે.

૫. દરિયામાં ઘણું પાણી છે.

૬. દૂર એક હોડી જઈ રહી છે.

વર્ગમાં જુદાં જુદાં ફૂલ લાવી તેમનો પરિચય કરાવો. વિદ્યાર્થીઓને વારાફરતી ફૂલ સૂંઘવા આપો. હવે એક વિદ્યાર્થીને આંખો બંધ કરાવી બે ફૂલ આપો. તે સૂંઘીને એક ફૂલ ઓળખી કાઢે તો એક પૉઇન્ટ, અને બન્ને ઓળખી કાઢે તો બે પૉઇન્ટ એમ ગણતરી બોર્ડ પર લખતા જાઓ.

**તમને ગમતાં ફૂલ દોરો :** અહીં ચાર ફૂલ દોરો અને તેના રંગ કરતાં જુદા રંગો પૂરો.

## ચાલો રમીએ....

૧. શું જોઈશે ? - એક દડો

- એક દડો લો.



- તેને હવામાં ઉછાળો.



- દડો પાછો આવે ત્યારે ઝીલી લો.



- ફરી દડો ઉછાળો અને ઝીલો.

તમે કેટલી વાર દડો ઉછાળીને ઝીલી શક્યા ?

શબ્દમાં લખો.

૨. શું જોઈશે ? - વીસ લખોટી અથવા વટાણા

- ત્રણ ત્રણની ટીમ બનાવો.



- થાળીમાં લખોટીઓ મૂકો.




- પહેલી બે આંગળીથી લખોટી પકડી થાળીમાંથી ડબ્બામાં નાખો.



- કઈ ટીમે પહેલાં બધી લખોટીઓ ડબ્બામાં ભરી દીધી ? તે ટીમના સભ્યોનાં નામ લખો :


- **ચાલો, ગાઈએ ગીતડું :** ગોળ ગોળ ધાણી

**ચિત્રને તેની સૂચના પાછળ લાગુ પડતા ચિત્રના નંબર લખો. ત્યાર બાદ તે મુજબ રમો :**




- દેડકાની જેમ દોડો. (      )
- લંગડી લઈને દોડો. (      )
- મિત્રના ખભે હાથ મૂકી સાથે દોડો. (      )
- હાથ હલાવ્યા વગર દોડો. (      )
- એક હાથ અને બે પગે દોડો. (      )

## વાંચો અને રમો :



૧. મેદાનમાં / વર્ગમાં એક ગોળ દોરો.
૨. રૂમાલ લટકતો રહે એમ પોતાના જમણા પગ સાથે બાંધો.
૩. વર્તુળમાં ચાલવાનું શરૂ કરો.
૪. બીજાના રૂમાલ પર પગ મૂકવાનો પ્રયત્ન કરો.
૫. જેનો રૂમાલ બીજાના પગ નીચે આવી જાય તે આઉટ ગણાય.

- છેલ્લે સુધી કોણ આઉટ ના થયું ?

આ રમત માટે વિદ્યાર્થીઓનાં પાંચપાંચનાં જૂથ બનાવો. તેમની જાતે જ વાંચીને રમવા કહો. સૂચના મુજબ ન રમે તો તે ટુકડીને ફરી વાંચવા કહો. બે-ત્રણ દિવસ રમાડો.

## વાતચીત :

- રમવાની મજા આવી ? શું કરવાની મજા આવી ?
- રમત રમવા માટે પહેલાં શું કર્યું ? પછી શું કર્યું ?
- કોણ પડી ગયું હતું ?

## મિત્રો સાથે મળી નીચેની સૂચનાઓની ચિઠ્ઠીઓ બનાવો.

૧. ચાર કૂદકા મારો.
૨. કમર પર હાથ મૂકી પાંચ ડગલાં ચાલો.
૩. સ્કૂટર ચલાવો.
૪. બન્ને ઘૂંટણ પર હાથ રાખી ચાલો.
૫. દેડકાની જેમ દોડો.
૬. કાર ચલાવો.
૭. ત્રણ તાળી પાડો.
૮. અવળા પગે ચાલો.

- બધી ચિઠ્ઠીઓ વાળીને ભેગી કરો. વારાફરતી ચિઠ્ઠી ખેંચો. જેની ચિઠ્ઠીમાં જે આવે તે મુજબ કરો. બાકીના મિત્રો તે ઓળખી કાઢશે.

પહેલાં બધી ચિઠ્ઠીઓની ક્રિયાઓનો પરિચય વિદ્યાર્થીઓને કરાવો. વર્ગ/મેદાનની સ્થિતિ મુજબ અન્ય ક્રિયાઓની ચિઠ્ઠી પણ બનાવી શકો.

## છૂટું પાડો અને લખો :

કબડ્ડી, ખોખો, લંગડી, ક્રિકેટ, પકડદાવ, સંતાકૂકડી, હૉકી, ચેસ, કૅરમ, પત્તાં, ચોર-પોલીસ, ગિલ્લીદંડા, લખોટી, નદી-પર્વત, સાતોડિયું, સાપસીડી, અંતકડી, દેડકાકૂદ, ગાંધીજી કહે ઘર-ઘર.

| ના ગમે | ઓછું ગમે | ખૂબ ગમે |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |

## શબ્બીરને પકડદાવ રમવાનું ખૂબ ગમે. તેણે પકડદાવ વિશે લખ્યું તે વાંચો. હવે તમને ગમતી રમત વિશે પહેલાં આપેલી ખાલી જગ્યા પૂરો.

| શબ્બીર | |
|---|---|
| મારું નામ શબ્બીર છે. મને પકડદાવ ખૂબ ગમે. અમે છ ભાઈબંધો રમીએ છીએ. જેનો દાવ તે બીજાને પકડે. અમે બધા દોડીએ છીએ. જે પકડાય તે દાવ દે છે. | મારું નામ ______ મને ______ ખૂબ ગમે. અમે ______ મિત્રો મળીને તે રમીએ છીએ.<br>______<br>______<br>______ |

**શબ્બીરના પપ્પા નાના હતા ત્યારે "અંખી-પંખી" રમતા :**

તેમાં એક કહે, "અંખી પંખી..."

બીજો કહે, "ડાબા ડંખી..."

ત્યારબાદ તમે જે રમત રમો છો તેના વિશે આગળ ત્રણ-ચાર વાક્યો લખો.

પછી

પહેલો પૂછે, ''આટલા આટલામાંથી ગરોળી બતાવો.''

બીજો ગરોળી શોધી કાઢે તો તે ''અંખી પંખી...'' એમ બોલે ને રમત આગળ ચાલે.

**તમે બધાં મોટેરાંને પૂછ્યું કે તેઓ નાના હતા ત્યારે કઈ કઈ રમતો રમતાં હતાં ? પૂછો અને લખો :**

| મમ્મી | પપ્પા | દાદા | દાદી | શાળાના આચાર્ય |
|---|---|---|---|---|
| | | | | |

તેમને તેમાંથી કોઈ પણ બે રમતો કેવી રીતે રમતા તે પૂછો. તેમાંથી કોઈ એક રમત બધાંને શીખવો.

- બે દેશો વચ્ચે રમત રમાય ત્યારે બન્ને દેશોનાં રાષ્ટ્રગીતનું ગાન થાય છે. તમને ખબર છે આપણા દેશનું રાષ્ટ્રગીત કયું છે ?

તમારા શિક્ષક તમને રાષ્ટ્રગીત ગાતાં શીખવશે. તે સમૂહમાં ગાઓ.


## રાષ્ટ્રગીત

જન ગણ મન અધિનાયક જય હે,
ભારત ભાગ્યવિધાતા
પંજાબ સિંધુ ગુજરાત મરાઠા
દ્રાવિડ ઉત્કલ બંગ
વિંધ્ય હિમાચલ યમુના ગંગા
ઉચ્છલ જલધિ તરંગ
તવ શુભ નામે જાગે
તવ શુભ આશિષ માગે
ગાહે તવ જયગાથા
જન ગણ મંગલદાયક જય હે,
ભારત ભાગ્યવિધાતા
જય હે જય હે જય હે
જય જય જય જય હે !

## મુરબ્બાની મજા

### ચાલો, ગાઈએ ગીતડું...

બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર,
ખૂબ ધરાઈ ખાધો પોતે, ખાઈને કર્યો વિચાર,
બચ્ચાં માટે ઘેરે થોડો લઈ જઈએ તો ઠીક;
ઊંધે માથે પડ્યા બરણીમાં, જરી ન મનમાં બીક !
શેઠે આવી પૂંછડી ઝાલી ખેંચી કાઢ્યા બહાર;
ચૂંચૂં કરતાં બધાય ત્યાંથી ભાગ્યા મારંમાર !
બરણીનો મુરબ્બો લઈને આવ્યા ઉંદર ચાર !
બચ્ચાં વળગી ડિલે ચાટે મુરબ્બો રસદાર,
ચૂંચૂં...ચૂંચૂં મુરબ્બો રસદાર.....



## કોને કોને ઓળખો છો ? ક્યારે જુઓ છો ? ક્યાં જુઓ છો ?

- કોઈ એકનું પાત્ર ભજવો.




કોણ છે ?

ક્યારે જુઓ છો ? બપોરે

ક્યાં જુઓ છો ?




કોણ છે ?

ક્યારે જુઓ છો ?

ક્યાં જુઓ છો ?



કોણ છે ?

ક્યારે જુઓ છો ?

ક્યાં જુઓ છો ?



કોણ છે ?

ક્યારે જુઓ છો ?

ક્યાં જુઓ છો ?



કોણ છે ?

ક્યારે જુઓ છો ?


ક્યાં જુઓ છો ?



કોણ છે ?

ક્યારે જુઓ છો ?

ક્યાં જુઓ છો ? ઘર પાસે



કહો : આ ચિત્રમાં શું શું જોઈને તમને હસવું આવ્યું ?

આ ચિત્રમાં રંગ પૂરો.

● હવે વાર્તા સાંભળો.

## અમૃતકાકાનો પર્વત

પૃથ્વીપુરના બજારમાં રોજ જેવી ભીડ જામી હતી. આર્યન મોબાઈલમાં બજારનો વીડિયો ઉતારતો હતો.

શકરાભાઈની શાકભાજીની લારી ધીમે ધીમે આગળ જતી હતી. ‘‘બટાકા, રીંગણ, કોબીજ, ફુલેવર, કોળું, દૂઉઉઉધી.....’’ નજીકમાં પ્રકાશભાઈ અને દર્શનાબહેન કપડાંની લારીએથી તૃપ્તિ માટે કપડાં ખરીદતાં હતાં. બાજુમાં મૃગેશભાઈ બ્રશ, કાંસકો, તેલ વગેરે ખરીદી થેલીમાં મૂકતા હતા.

હર્ષદભાઈ તેમની કિચૂડ કિચૂડ અવાજ કરતી સાઈકલ પર દૂધનાં કેન લટકાવી ટ્રિન ટ્રિન કરતા જતા હતા.

પાર્થેશભાઈ, પ્રેમીલાબહેન અને હર્ષવર્ધનના ભારથી સ્કૂટર દબાઈ ગયું હતું. શ્રીધરભાઈ ફુગ્ગા લઈ બજાર વચ્ચે હતા.

ચંદ્રકાન્ત ચાવાળાની દુકાને તો ટોળું જ હોય ! ત્યાં જ અમૃતકાકાનો બળદ બજારમાં ઘૂસ્યો. તેનું ડુંગર જેવું મોટું શરીર જોઈ કાકાએ નામ પાડેલું ‘પર્વત’. જેવું એનું નામ તેવું એનું કામ...... કાકાના હાથમાંથી દોરડું છોડાવી એ તો દોડ્યો બજારમાં...... એ જાય... એ જાય... !

### વાતચીત :

‘અમૃતકાકાનો પર્વત’ મોટેથી વાંચી સંભળાવો. ત્યારબાદ નીચે જેવા પ્રશ્નો પૂછો.

૧. તમને કોનાં કોનાં નામ યાદ રહ્યાં ?

૨. જે-તે વ્યક્તિ વિશે શું યાદ છે ? દા.ત. અમૃતકાકા વિશે શું યાદ છે ?

૩. ચિત્રમાં કેટલા પુરુષો છે ?

૪. ચિત્રમાં કેટલી સ્ત્રીઓ છે ?

૫. ચિત્રમાં કેટલાં બાળકો છે ?

૬. ચિત્રમાં કેટલાં પ્રાણી-પક્ષી છે ?

૭. લારીમાંથી કેટલાં રીંગણ પડી ગયાં ?

## નીચેની વિગતો કોને લાગુ પડે છે ?

૧. શાકભાજીની લારી : શકરાભાઈ

૨. બ્રશ, કાંસકો, તેલ :

૩. મોબાઈલમાં બજારનો વીડિયો :

૪. ચાની દુકાન :

૫. જેવું એનું નામ તેવું એનું કામ :

**'અમૃતકાકાનો પર્વત' વાંચો અને ચિત્રમાં નામ લખો.**

## શબ્દો ગોઠવી વાક્ય ફરી લખો.

૧. બજારનો વીડિયો / આર્યન / ઉતારતો હતો.

૨. લઈને જતા હતા / શાકભાજીની લારી / શકરાભાઈ

૩. તેના માટે કપડાં / તૃપ્તિનાં મમ્મી પપ્પા / ખરીદતાં હતાં

૪. દૂધ વેચવા / હર્ષદભાઈ / નીકળ્યા હતા

૫. પાછળ દોડ્યા / તેમના બળદ / અમૃતકાકા

વારાફરતી વર્ગના એક - એક વિદ્યાર્થીને વર્ગ સમક્ષ બોલાવી તેના કાનમાં એક પાત્રનું નામ કહો. ચિત્રમાં તે પાત્ર શું કરી રહ્યું છે તેવા હાવભાવ કરી બતાવવાનું તે વિદ્યાર્થીને કહો. બાકીના વિદ્યાર્થીઓને તે પાત્ર ઓળખી બતાવવાનું કહો.

**જેમ કે, :** અમૃતકાકા

- વિદ્યાર્થી ગુસ્સાવાળો ચહેરો બનાવશે. એક પગ ઊંચો રાખી દોડવાની સ્થિતિ કરશે.

- બે-બેની જોડી બનાવો અને કહો બળદ ભાગ્યા પછી કોણ શું કરી રહ્યું છે ?
- જો અચાનક વરસાદ પડે તો આ બધા શું કરત ?

## ચિત્ર અને ફકરાના આધારે અમને ઓળખી કાઢો.

૧. મારી પાસે બે પૈડાંવાળું વાહન છે. પાર્થેશભાઈ અને હર્ષદભાઈ

૨. હું મારાં મમ્મી-પપ્પા સાથે છું. ____________

૩. મારે ચાર પગ છે. ____________

૪. હું ગુસ્સામાં છું. ____________

૫. હું ગભરાઈ ગયો છું. ____________

૬. હું ચિંતામાં છું. ____________

૭. મને હસવું આવે છે. ____________

૮. મારી ચાની દુકાન છે. ____________

૯. મારા હાથમાં મોબાઈલ છે. ____________

૧૦. તમે પૃથ્વીપુરના બજારમાં જાઓ તો શું શું ખરીદો ?

____________

● **ચાલો, ગાઈએ ગીતડું :** બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર

**આ દુકાનોનાં બૉર્ડ જુઓ. ત્યાં શું મળતું હશે તે લખો.**

**કૃપાળુ કિરાણા સ્ટોર**

ઘી, ગોળ, તેલ, અનાજ, કઠોળ, ખાંડના છૂટક વેપારી

**સંપર્ક :** સૃજન વી. પટેલ

| | | |
|---|---|---|
| ચોખા | તુવેરદાળ | |
| | | |
| | | |

દુકાનદારનું નામ : ______

**રાજર્ષિ મોબાઇલ**

દરેક કંપનીના નવા-જૂના મોબાઇલ,
મોબાઇલના કવર, ગ્લાસ મળશે.
નવાં સીમકાર્ડ મળશે.
રિચાર્જ કરી આપવામાં આવશે.

**સંપર્ક :** સૂર્યપ્રકાશ પરમાર

મોબાઇલ નંબર : ૨૨૨૨૨ ૨૨૨૨૨



આ દુકાનમાં શું મળશે ? : ______ ______ ______ ______ ______ ______

દુકાનદારનું નામ : ______

ફોન નંબર : ______

ઇંટોતેર



## ક્રિષ્ણા સ્વીટ માર્ટ



મોતીચૂર લાડુ, મોહનથાળ, રસગુલ્લા, કાજુકતરી, જલેબી, પેંડા,
મથુરા પેંડા, માવો, બરફી, કાજુબરફી, શ્રીખંડ

**પ્રસંગના ઓર્ડર લેવામાં આવે છે.**



સંપર્ક : ______________



નંબર : ૮૮૮૮૮ ૮૮૮૮૮

શું મળશે ? : ______ ______ ______
______ ______ ______

દુકાનદારનું નામ : ______________



## બાર્બી બેકરી

બ્રેડ, પાઉં, ટોસ્ટ, કેન્ડી, જેલી ટોફી, આઇસક્રીમ,
ક્રીમ રોલ, કેક, નાનખટાઈ

ઓર્ડર મુજબ કેકની હોમ ડિલિવરી કરી આપવામાં આવશે.



**સંપર્ક** : તૃષા ટોપીવાળા

મોબાઇલ નંબર : ______________

શું મળશે ? : ______ ______ ______
______ ______ ______

દુકાનદારનું નામ : ______________

ફોન નંબર : ૯૯૯૯૯ ૯૯૯૯૯

તમે કઈ કઈ દુકાને જાઓ છો ? તેમાંથી કોઈ એક દુકાનનું બૉર્ડ કાગળમાં દોરી તે દુકાનદારને આપો.

**જો તમે દુકાનદાર બનો તો તમારી દુકાનમાં કઈ વસ્તુઓ રાખશો ?**

અહીં તમારી દુકાનનું બૉર્ડ તૈયાર કરો.

**સંવાદો વાંચો અને ભજવો :**

- વિક્રમ : ગરમ ગરમ સમોસાં છે ?

  દુકાનદાર : ના ભાઈ, સમોસાં ખલાસ ! કચોરી છે, ખમણ છે, ભજિયાં છે...

  વિક્રમ : ભજિયાંનો શો ભાવ છે ?

  દુકાનદાર : વીસનાં સો ગ્રામ.

  વિક્રમ : ને ચટણી ?

દુકાનદાર : ચટણી ફ્રી.

વિક્રમ : તો એકલી ચટણી આપો.

- અર્ચના : પેન્સિલ આપો.

દુકાનદાર : કેટલાવાળી ?

અર્ચના : બે રૂપિયાવાળી.

દુકાનદાર : આ લો અક્ષર પેન્સિલ, તેનાથી સરસ લખાશે.

અર્ચના : તો બીજી આપો. મારે તો ચિત્ર દોરવું છે.

- **ચાલો, ગાઈએ ગીતડું : બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર**

## વર્ગમાં બજાર :

પાંચ-છ વિદ્યાર્થીઓને દુકાનદાર બનાવો. તેઓને નીચે આપેલ વસ્તુઓ જેવી વસ્તુઓના નામવાળી ચિઠ્ઠીઓ આપો. તેઓ વર્ગમાં જુદી-જુદી જગ્યાએ ચિઠ્ઠીઓ લઈ બેસશે. બાકીના વિદ્યાર્થીઓ નકલી નોટ / ચિઠ્ઠીમાં રકમ લખી તેમની પાસેથી વસ્તુઓ ખરીદશે. નીચે ઉદાહરણની ચિઠ્ઠીઓ આપેલ છે. વિદ્યાર્થીઓને બીજી વસ્તુઓનાં નામ ઉમેરવા કહો.

- **શાકભાજીના દુકાનદારની ચિઠ્ઠીઓ :**

કાકડી જામફળ ફ્લેવર કોબીજ બટાકા

ડુંગળી મેથીની ભાજી સવાની ભાજી

- **ફરસાણના દુકાનદારની ચિઠ્ઠીઓ :**

ચવાણું તીખી સેવ મોળી સેવ બરફી પેંડા

ફાફડા ગાંઠિયા જલેબી સોનપાપડી કાજુકતરી

મોહનથાળ

◆ **સ્ટેશનરીના દુકાનદારની ચિઠ્ઠીઓ :**

૧૦૦ પેજની નોટબુક  ૨૦૦ પેજની નોટબુક  લોંગબુક  વાર્તાની ચોપડી

ચિત્રકળા  સ્કેચબુક  પેન્સિલ  બોલપેન  સ્કેચપેન

મીણિયાકલર  વૉટરકલર  ફૂટપટ્ટી  કંપાસબૉક્સ  સ્કૂલબૅગ

**"અમૃતકાકાનો પર્વત" ફકરો ફરી વાંચી તેમાં આવતાં નામ લખો, મોટેથી વાંચો.**

હર્ષવર્ધન

**તમારા શિક્ષક બોલે તે શબ્દો લખો.**

'ર' કારવાળા (પ્રકાશ, ધર્મ, વૃક્ષ જેવા) શબ્દોનું શ્રુતલેખન કરાવો. ત્યારબાદ તે શબ્દો બૉર્ડ પર લખો. વિદ્યાર્થીઓને તેમની ભૂલ જાતે શોધી સુધારીને ફરી લખવા કહો.

| શ્રુતલેખન | સુધારો | શ્રુતલેખન | સુધારો |
| --- | --- | --- | --- |
| આર્શિવાદ | આશીર્વાદ | કુત્રિમ | કૃત્રિમ |

- **ચાલો, ગાઈએ ગીતડું :** બરણીનો મુરબ્બો ખાવા ચાલ્યા ઉંદર ચાર

⬡ **બંકુએ લખેલાં વાક્યો પર મુરબ્બો પડ્યો. તેને તે વાક્યો ફરી લખવામાં મદદ કરો.**

## ગૃહકાર્ય

તા. ૨૬/૦૧/૨૦૧૯

| | | | |
|---|---|---|---|
| ૧. | ગોવર્ધનકાકા નવો બળદ લાવ્યા. | ૧. | ગોવર્ધનકાકા નવો બળદ લાવ્યા. |
| ૨. | કૃતિકાએ કાચી કેરી કાપી. | ૨. | |
| ૩. | શર્મન સ્ટેજ પર શરમાઈ ગયો. | ૩. | |
| ૪. | શર્મિષ્ઠા શાક સમારે છે. | ૪. | |
| ૫. | પૃથ્વીના પપ્પા નિવૃત્ત થયા. | ૫. | |
| ૬. | મહર્ષિ મંગળવારે મોરબીમાં મળ્યો. | ૬. | |

| ૭ | આમ પણ હોય ? |
|---|---|

## ચાલો, ગાઈએ ગીતડું :

દોઢ ફૂટની દાઢી ને ચાર ફૂટની ચોટલી
ગધ્ધા ઉપર બેસે ડોસો, માથે મૂકી પોટલી
ઠસ્સ ઠસ્સ જાય
ફસ્સ ફસ્સ થાય
ચોટલીના ઝૂલામાં બેસી,
પંખી ગીતો ગાય !
ચોટલી ઊડે ફર્ર્ર્ર ફર્ર
દાઢી ઊડે સર્ર્ર્ર સર્ર
ગધ્ધાની પૂંછડી લાંબી લસ્સ
ટાઢે ધ્રૂજે થર્ર્ર્ર ઠસ્સ !

- રમણલાલ સોની



## સમાચાર વાંચો :

☺ વડોદરામાં ખૂબ તાપ પડ્યો, તળાવમાં લાગી આગ. પાણી સુકાવા લાગ્યું અને બધી માછલીઓ જીવ બચાવવા ઝાડ પર ચડી ગઈ.

☺ લાલાભાઈના લગ્નમાં થાળીમાંથી લાડુ ઊડ્યા અને ડાલાભાઈના ઘરમાં ઘૂસી, ગોદડાં ઓઢીને સૂઈ ગયા.

☺ પોપટે પૃથ્વીની ચાર ગડી કરી, વિમાનમાં મૂકી પછી વિમાનને પાટા ઉપર દોડાવી મૂક્યું.

☺ આવતીકાલે શાળામાં પાંદડાંની પૂરીને પાણીમાં તળીતળીને સૌને પેટ ભરીને જમાડવામાં આવશે. કોઈ પણ બાળકે પોતાનું પેટ ઘરે ભૂલીને આવવું નહીં.


## વાર્તા વાંચીએ...

વર્ગમાં આરોહ અવરોહયુક્ત ભાવવાહી શૈલીમાં વાર્તા કહેવી. શિક્ષકે આ વાર્તામાં પૂછવાના પ્રશ્નો કૌંસમાં આપેલા છે.

### ગોરિયો ગૂમ ?

એક નાનકડું ગામ. ગામમાં સોમાભાઈ નામના ખેડૂત રહે. તેમની પાસે બે બળદ. એકનું નામ કાળિયો અને બીજાનું ગોરિયો. બંને બળદ એમને ખૂબ વહાલા.

માર્ચ મહિનો આવ્યો. બાજરી વાવવાનો સમય થયો. વાવણી માટે પહેલાં ખેતર ખેડવું પડે. સોમાભાઈ પોતાનું ખેતર ખેડવા બંને બળદ લઈને ગયા. અડધું ખેતર ખેડ્યું અને બપોર થઈ. સોમાભાઈ તો ભાતું ખાઈને આરામ કરવા સૂતા.



જાગીને જોયું તો બે બળદમાંથી એક બળદ ગાયબ ! ખેતરમાં કાળિયો જ હતો, ગોરિયો તો દેખાયો જ નહીં. ખેતરમાં ઘણું શોધ્યો પણ ગોરિયો ક્યાંય ન જડ્યો.

### (ગોરિયો ક્યાં ગયો હશે ?)

બાજરી વાવતી વખતે પણ સોમાભાઈએ તો ગોરિયાને શોધ્યો પણ ગોરિયો ક્યાંય ન જડ્યો. બાજરી ઊગીને મોટી થઈ. સોમાભાઈ તો રોજ ખેતરે આવે, બાજરી જોઈને હરખાય અને આખા ખેતરમાં ફરી ફરીને જુએ, 'ક્યાંક મારો ગોરિયો નજરે ચડે !' પણ ગોરિયો ન જડ્યો.

### (એ ગોરિયો ક્યાંથી મળશે ?)

બાજરી પાકી ગઈ. ઊભી બાજરીનાં ડૂંડાં લણતાં લણતાં પણ ગોરિયો ન જડ્યો. ડૂંડાંમાંથી બાજરીના દાણા છૂટા પાડ્યા, ચાળણીથી ચાળ્યા, તગારાંમાં ભર્યા, કોથળા ભરીને ઘરે લાવ્યા પણ ગોરિયો ન જડ્યો તે ન જ જડ્યો.

કોથળામાંથી બાજરી કાઢી, ફરીથી સાફ કરીને ઘંટીમાં દળી, રોટલા બનાવતાં પહેલાં બાજરીનો લોટ ચાળણીથી ચાળી જોયો. તોય ગોરિયો ન જડ્યો તે ન જ જડ્યો.

સોમાભાઈને તો સતત ગોરિયાના જ વિચાર આવ્યા કરે. મારો ગોરિયો ક્યાં ગયો હશે ને શું કરતો હશે? ઘરના બીજા સભ્યો પણ ગોરિયાની ચિંતા કરતા હતા.

નવી બાજરીના પહેલા રોટલા તૈયાર થયા. સરસ મજાના ગરમાગરમ મોટા મોટા રોટલા ! સૌ સાથે જમવા બેઠાં.

### (તમને લાગે છે કે ગોરિયો મળશે ?)



સૌની થાળીમાં રેવાબહેને એક એક રોટલો મૂક્યો. સોમાભાઈની દીકરી સપનાને કોપટી બહુ ભાવે. તેણે હળવેકથી રોટલાની કોપટી ખોલી અને એકાએક મોટેથી ચીસ પાડી : 'બાપુઉઉઉ..... આપણો ગોરિયોઓઓ....!'. સોમાભાઈએ તો થાળી ધકેલીને કૂદકો માર્યો ને કોપટી નીચે જોયું તો ગોરિયો નિરાંતે બેઠો બેઠો વાગોળતો હતો !

સોમાભાઈ તો નાચવા માંડ્યા : 'મળી ગયો.. મળી ગયો.. મારો વહાલો ગોરિયો મળી ગયો..!'

### કહો :

આખી વાર્તામાં તમને ક્યારે બહુ હસવું આવ્યું ?

### ચાલો હસીએ :

૧. મોઢું બગાડીને હસો.
૨. જુદાંજુદાં પ્રાણીના ચાળા પાડીને હસો. (જેમ કે, મ્યાઉં બોલતાં બોલતાં હસવું.)
૩. ગાંડાની જેમ હસો.
૪. કોઈ ગલીપચી કરે તેવું હસો.
૫. તમારા પપ્પા કે મમ્મીની જેમ હસો.

### વાંચો અને હસો.

(કૌંસમાં આપેલી રીતે હસો.)

૧. ઝાડ પરથી કીડી પડી તો નીચે હાથી દબાઈ ગયો. (હી હી હી)
૨. ઊડતાં ઊડતાં કાગડો એક આંખ બંધ કરી અડધું ઊંઘી ગયો. (હો હો હો)
૩. પતંગે દોરી છોડવા માટે ફીરકીને મિસ્ડકૉલ કર્યો. (હૂ હૂ હૂ)
૪. મેં તો ડબ્બામાંથી ''કંઈ નહીં'' કાઢીને પેટ ભરીને ખાધું. (હી હી હી)
૫. કીડીએ હાથીનું શર્ટ પહેરી લીધું. (હા હા હા)
૬. મચ્છરે માઈકમાં ગીત ગાયું. (હી હી હી)
૭. બળદે ખાવા માટે ઘાસનું તણખલું તોડ્યું તો તેના ઉપર સોમાભાઈ બેઠા હતા. (હા હા હા)

### વાતચીત :

૧. સોમાભાઈના બંને બળદનાં નવાં નામ પાડો.
૨. ગોરિયો શોધવા માટે સોમાભાઈએ ક્યારે ક્યારે તપાસ કરી ?
૩. છેલ્લે ગોરિયો ક્યાંથી મળ્યો ?
૪. ગોરિયો મળ્યો તે તમને સાચું લાગે છે કે ગપ્પું ?
૫. ગોરિયો ક્યાંથી મળ્યો હોત તો તમને સાચું લાગત ?

## પહેલાં કહો, પછી લખો :

૧. વાવણી પહેલાં શું કરવું પડે ?

૨. ખેડૂતે જાગીને શું જોયું ?

૩. ગોરિયો રોટલાને બદલે ક્યાંથી મળ્યો હોત તો પણ તમને તે ગપ્પું જ લાગ્યું હોત ?

## વાર્તામાં જે સૌથી પહેલાં થયું તે પહેલા નંબરે પછી થયું તે બીજા નંબરે એમ પાંચેય વાક્યો ગોઠવીને ફરીથી લખો.

૧. બાજરીના દાણા છૂટા પાડ્યા. ૧.

૨. સોમાભાઈએ અડધું ખેતર ખેડ્યું. ૨.

૩. ગોરિયો રોટલામાં બેઠો હતો. ૩.

૪. બે બળદમાંથી ગોરિયો ગાયબ ! ૪.

૫. બાજરાનો રોટલો તૈયાર થયો. ૫.

૬. ખેતરમાં બાજરી વાવી. ૬.

● **ચાલો, ગાઈએ ગીતડું :** દોઢ ફૂટની દાઢી ને ચાર ફૂટની ચોટલી

## વાંચો :

**અલી** - આ બસ કેટલી ધીમી ચાલે છે !

**કિશન** - ક્યારે ઘરે પહોંચીશું આપણે ?

**અલી** - અરે, બસ કરતાં તો આપણે ઝડપથી દોડતાં હોઈશું.

**કિશન** - તો પછી ચાલ ને, બસને ખીસ્સામાં મૂકી દોડતાં દોડતાં ઘરે પહોંચી જઈએ.

**અલી** - પણ મારું ખીસ્સું તો ફાટેલું છે.

**કિશન** - ઓહ ! તો તો તેમાંથી બસ નીચે પડી જશે.

**અલી** - એક કામ કર, બસને તારા લંચ બોક્સમાં મૂકી દે.

**કિશન** - હા.. હા.. હા..

## જોડો : ભીમકુમારનાં કામ



ભીમકુમાર બ્રશ કરે છે.



ભીમકુમાર કસરત કરે છે.



ભીમકુમાર કપડાથી ચાંદો સાફ કરે છે.



ભીમકુમાર બસ ચલાવે છે.



ભીમકુમાર પાળેલા હાથીને પાણી પિવડાવે છે.

## પાંચીકડાં ગાઓ :

હું તો ગ્યો'તો અમદાવાદ
ને ત્યાંથી લાવ્યો બૂટ

નેવ્યાશી

એ તો હતો કાળો કૂતરો
ને થઈ ગયો મોટો ઊંટ
- કે અમે બાલુડાં પાંચીકડાં ગાઈએ
ને શેરડી-ખજૂર ખાતાં જઈએ...!
એ... ચૂલા ઉપર ઉંદરડી,
કરકર મીઠું ખાય...
પૂંછડી ઝાલી પછાડીએ તો
રૂપિયા ખનનન થાય.
- કે અમે બાલુડાં પાંચીકડાં ગાઈએ
ને શેરડી-ખજૂર ખાતાં જઈએ...!
એ... ચૂલામાં ઊગ્યો આંબો
ને આંબે આવ્યાં બોરાં...
બોરાં વીણી ખાધાં ત્યાં તો
ખડખડ હસ્યાં છોરાં
- કે અમે બાલુડાં પાંચીકડાં ગાઈએ
ને શેરડી-ખજૂર ખાતાં જઈએ...!

## સાચું હોય તેનું ગપ્પું બનાવો, ગપ્પું હોય તેનું સાચું બનાવો :

૧. ઊડતાં ઊડતાં બગલો થાકી ગયો, તો પોતાની જ પાંખ પર સૂઈ ગયો. (ગપ્પું)
- ઊડતાં ઊડતાં બગલો થાકી ગયો, તો પોતાના માળામાં જઈ સૂઈ ગયો. (સાચું)

૨. કીડીના પગ નીચે હાથી દબાઈ ગયો. (          )
- ____________________ (          )

૩. આકાશમાંથી દૂધપાકનો વરસાદ વરસ્યો. (          )
- ____________________ (          )

૪. પંખીઓ આકાશમાં ઊડે છે. (          )
- ____________________ (          )

૫. ખિસકોલીએ મારું બિસ્કિટ લીધું. (          )

• (          )

૬. મેં આજે સવારે દૂધ સાથે અંધારું ખાધું. (          )

• (          )

૭. મેં આંબા પરથી ચૉકલેટ તોડીને ખાધી. (          )

• (          )

૮. ઉંદરભાઈએ બિલાડીને લાફો માર્યો. (          )

• (          )

૯. મને મચ્છર કરડે છે. (          )

• (          )

• **ચાલો, ગાઈએ ગીતડું :** દોઢ ફૂટની દાઢી ને ચાર ફૂટની ચોટલી

## આગળથી વાંચો - પાછળથી વાંચો :


| | | | | |
|---|---|---|---|---|
| કાકા | કડક | નમન | તરત | મલયાલમ |
| મામા | સરસ | નયન | મલમ | નવજીવન |
| દાદા | દરદ | મરમ | કથક | કલકકલક |
| નાના | કનક | નવીન | સારસા | |

## મોટેથી વાંચો :

વિદ્યાર્થીઓને બે જૂથમાં વહેંચી વારાફરતી એક-એક શબ્દ મોટેથી સમૂહમાં બોલવા કહો.

| પહેલું જૂથ | બીજું જૂથ |
|---|---|
| ગીત | સંગીત |
| ગંધ | સુગંધ |
| વાસ | નિવાસ |
| માન | અપમાન |
| નંદન | અભિનંદન |
| ગુણ | અવગુણ |
| મંત્રી | ઉપમંત્રી |
| દેશ | પ્રદેશ |
| ટેવ | કુટેવ |
| લેખન | સુલેખન |
| જ્ઞાન | વિજ્ઞાન |

## મોટેથી વાંચો અને કહો શું લખ્યું છે ?



૧. ચઆ ચગાચય ચછે.
૨. ચતે ચઘાચસ ચખાચય ચછે.
૩. ચગાચય ચદૂચધ ચઆચપે ચછે.
૪. ચમચને ચદૂચધ ચભાચવે ચછે.

## વધારાના અક્ષરો દૂર કરી ફરીથી લખો :

૧. આઆ આદુકાન આછે.

•

૨. માચરું નાચમ નીચલું હચતું.

•

૩. બાજસુરીનો રોટસુલો તૈયાસુર થયોસુ.

•

બાણું

૪. પ્રગોપ્રરીત્રયો, પ્રરોપ્રટત્રલામાં પ્રબેપ્રઠો પ્રહપ્રતો.

-

૫. શાહુંડી શાબીકજાડી શાધોકરણમાંડી શાભકણુંડી શાછુંડી.

-

૬. ચકૂચતચરોચદોચડેચછે.

-

## સૂચના મુજબ કરો :

૧. 'ક'થી શરૂ થતા શબ્દો યાદ કરીને લખો.

| | | | |
|---|---|---|---|
| કેરી | કાગળ | કાકા | કાળું |
| કાપી | કાચ | કાલ | |
| | | | |

આ શબ્દોમાંથી ઉદાહરણ મુજબ વાક્ય બનાવી આગળ વધારો.

- કાકાએ કેરી કાપી.
- કાકાએ કાગળથી કેરી કાપી.
- કાકાએ કાગળથી કાચની કેરી કાપી.
-
-

૨. ‘પ’થી શરૂ થતા શબ્દો યાદ કરીને લખો.

‘પ’થી શરૂ થતા શબ્દોથી વાક્ય બનાવી આગળ વધારો.

-
-
-
-

૩. ‘મ’થી શરૂ થતા શબ્દો યાદ કરીને લખો.

‘મ’થી શરૂ થતા શબ્દોથી વાક્ય બનાવી આગળ વધારો.

-
-
-
-

## ટુકડા ભેગા કરી વાક્ય બનાવો :

૧. | પંખી ટહુકે છે | ઝાડ ઉપર |

૨. | આકાશમાં ચગે છે | પતંગ ઊંચે |

૩. | કોથળામાંથી | કાઢી | બાજરી |

૪. | નહીં | ગોરિયો તો | દેખાયો જ |

૫. | કોપટી તોડી | સપનાએ | રોટલાની |

૬. | મળી ગયો | વહાલો | મારો | ગોરિયો |

• **ચાલો, ગાઈએ ગીતડું :** દોઢ ફૂટની દાઢી ને ચાર ફૂટની ચોટલી

## શબ્દના રંગે વૃક્ષને રંગો :

થડ, મૂળ, ડાળી, પાન, ફળ, ફૂલ



# ૮ સોય, સંચો ને સાબુ

## ચાલો, ગાઈએ ગીતડું :

ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટપાલી હું
ટપાલ સૌને પહોંચાડું હું.
ક.. ક.. ક.. ક.. ક.. ક.. ક.. ક.. કાગળ વહેંચું,
પોસ્ટકાર્ડ, પરબીડિયાં વહેંચું.
સારા - માઠા સંદેશાથી
સુખડાં વહેંચું, દુઃખડાં વહેંચું.
મનીઑર્ડર જો આવે કોઈનો
ર.. ર.. ર.. ર.. ર.. ર.. ર.. ર.. રૂપિયા વહેંચું.
ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટપાલી હું.
ક.. ક.. ક.. ક.. ક.. ક.. ક.. ક.. કાગળ વહેંચું,
ર.. ર.. ર.. ર.. ર.. ર.. ર.. ર.. રૂપિયા વહેંચું.

## પત્ર વાંચો :

પ્રિય

બિલ્લીમાસી,

મજામાં હશો.

અહીં દિલ્હીમાં ખીર ખાવાની હરીફાઈનું આયોજન થયું છે. તમે ખીર ખાવામાં અનેક ઈનામો જીત્યાં છે. તેથી તમને એમાં ભાગ લેવા માટે સહર્ષ આમંત્રણ છે.

લિ.

આયોજકો

ખીરખાઉ હરીફાઈ, દિલ્હી



To

બિલ્લીબહેન મ્યાઉં

મુ.પો. રસોઈઘર

તા. ઉંદરનગર

જિ. ઘરઘર

પિન | ચૂં | ચૂં | ચૂં | ચૂં | ચૂં | ચૂં |

## વાર્તા :

એક હતી બિલ્લી.

તેને જવું'તું દિલ્હી.

પણ જવું કઈ રીતે ?

તેણે બધાં પ્રાણીઓને વાત કરી. રસ્તો જડ્યો. બિલ્લી ગઈ ખેડૂત પાસે, ''ખેડૂતભાઈ, ખેડૂતભાઈ, મારે થોડું કામ છે. મને થોડો કપાસ આપો ને.'' ખેડૂત ખેતી કરે, અનાજ વાવે ને કપાસ પણ વાવે. કપાસ લઈ બિલાડી આગળ ચાલી.

પીંજારા પાસે ગઈ. કહ્યું, ''પીંજારાભાઈ, પીંજારાભાઈ, મારે થોડું કામ છે. મને આ કપાસ પીંજી આપો ને.''

પીંજારો રૂ પીંજે, ગાદલાં તથા રજાઈ બનાવે. પીંજારાએ કપાસ પીંજી આપ્યો.

બિલ્લી આગળ ચાલી. ગઈ વણકર પાસે, ''વણકરભાઈ, વણકરભાઈ, મારે થોડું કામ છે. મને આ રૂમાંથી કાપડ વણી આપો ને.''

બિલ્લીને વણકરે કાપડ વણી આપ્યું. બિલ્લી આગળ ચાલી. ગઈ દરજી પાસે. ''દરજીભાઈ, દરજીભાઈ.. મારે થોડું કામ છે. મને આ કાપડમાંથી કપડાં સીવી આપો ને !'' દરજી કપડાં સીવે બિલ્લીનું માપ લઈ કપડાં સીવી આપ્યાં. બિલ્લીબાઈ તો ચાલ્યાં આગળ.

પહોંચ્યાં ધોબીને ત્યાં, ''ધોબીભાઈ, ધોબીભાઈ, મારે થોડું કામ છે. મને આ બે કપડાં ધોઈને ઈસ્ત્રી કરી આપો ને !'' ધોબી કપડાં ધૂએ અને ઈસ્ત્રી પણ કરે. ધોબીએ કપડાં ધોઈને ઈસ્ત્રી કરી આપી. બિલ્લી ત્યાંથી આગળ ચાલી. ગઈ મોચીને ત્યાં, ''મોચીભાઈ, મોચીભાઈ... મારે થોડું કામ છે. મને ચંપલ સીવી આપો ને !''

મોચી ચામડામાંથી ચંપલ-બૂટ બનાવે. મોચીએ બિલ્લીને ચંપલ બનાવી આપ્યાં. બિલ્લી ત્યાંથી આગળ ચાલી. ગઈ સુથારને ઘેર, ''સુથારભાઈ, સુથારભાઈ... મારે થોડું કામ છે. મને એક લાકડાની ગાડી બનાવી આપો ને.''

સુથાર લાકડાંમાંથી ખુરશી અને બારી-બારણાં બનાવે. બિલ્લીને એક ગાડી બનાવી આપી. બિલ્લી પછી ત્યાંથી આગળ ચાલી. ગઈ કુંભારને ત્યાં, ''કુંભારભાઈ, કુંભારભાઈ... મારે થોડું કામ છે. મને એક નાનો ઘડો આપો ને.''





બધું લઈ બિલ્લી તો ઘરે આવી. સવાર થયું. નાહી-ધોઈને નવાં કપડાં પહેરી તૈયાર થઈ. લાકડાની ગાડી જોડી. દેડકાને ગાડીમાં જોડ્યો ને બિલ્લીમાસીની સવારી તો ઊપડી દિલ્હી તરફ. મ્યાઉં... મ્યાઉં, ડ્રાંઉ... ડ્રાઉં. મ્યાઉં... મ્યાઉં, ડ્રાંઉ... ડ્રાઉં...


## વાતચીત :

૧. બિલ્લીમાસી કોની કોની પાસે ગઈ ?
૨. બિલ્લી કુંભાર પાસે શા માટે ગઈ ?
૩. બિલ્લીની ગાડીના પૈડામાં પંક્ચર થયું છે તો ક્યાં જશે ?
૪. બિલ્લીમાસીને ચવાણું ખાવું છે, તે ખરીદવા કોની પાસે જશે ?
૫. બિલ્લીને ટપાલનો જવાબ લખવો છે, તે પેન ખરીદવા કઈ દુકાને જશે ?

## પહેલું શું થાય ? ચિત્રોને ઉદાહરણ મુજબ નંબર આપો.


૧


૩



૨



૪



























## નાટક ભજવો :

ઉદાહરણ મુજબના સંવાદ સાથે બે વખત બધાં નાટક રજૂ કરાવવાં અને જ્યારે નાટક બદલાય ત્યારે પાત્રો બદલી વર્ગના મોટા ભાગના વિદ્યાર્થીઓ પાસે રજૂઆત કરાવવી.

૧. બિલ્લી દરજી પાસે ગઈ તેનું નાટક કરો.

**ઉદાહરણ :**

બિલ્લી : કેમ છો ? દરજીભાઈ, મારે તમારું થોડું કામ છે.
દરજી : બોલોને બિલ્લીમાસી.
બિલ્લી : મારાં કપડાં સીવી આપો ને.
દરજી : કાપડ લાવ્યાં છો ?
બિલ્લી : હા, આ લો કાપડ. ફ્રૉકનું માપ લઈ લો.
દરજી : લાવો, ફ્રૉક સીવવાનું છે ને ? માપ લઈ લઉં.
બિલ્લી : જો.. જો.. કાતરથી બરાબર વેતરજો હોં...
દરજી : હા, બિલ્લીમાસી, એવું ફ્રૉક બનાવીશ કે તમારો તો વટ્ટ પડી જશે.

૨. બિલ્લી ધોબી પાસે ગઈ તેનું નાટક કરો.

૩. બિલ્લી સુથાર પાસે ગઈ તેનું નાટક કરો.

૪. બિલ્લી કુંભાર પાસે ગઈ તેનું નાટક કરો.

● **ચાલો, ગાઈએ ગીતડું :** ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટપાલી હું.

## આ સાધન કોણ વાપરે ? કહો અને લખો.

શિક્ષકે સાધનનું નામ બોલવું, વિદ્યાર્થીઓ પાસે તેને વાપરનાર વ્યવસાયકારનું નામ જવાબરૂપે બોલાવવું. આમ એક પછી એક નામ પૂછી અહીં લખાવતા જવું.

| સાધન | કોણ વાપરે ? | સાધન | કોણ વાપરે ? |
|---|---|---|---|
| ઈસ્ત્રી | ધોબી | ચાકડો | |
| કાતર | | હથોડી | |
| મેઝરટૅપ | | પૉલિશ-બ્રશ | |
| કરવત | | સીવવાનો સંચો | |
| સાબુ | | ધોકો | |

સો

## સાંભળો અને ખોટું હોય તો નાક પકડો, સાચું હોય તો કાન પકડો :

**એક એક વાક્ય મોટેથી વાંચી સંભળાવો.**

૧. સુથારે ખુરશી સીવી દીધી.
૨. દરજીએ બિલ્લીમાસીને કપાસ આપ્યો.
૩. વણકરે બિલ્લીને કાપડ વણી આપ્યું.
૪. મોચીભાઈ ચંપલ સીવી આપે.
૫. કુંભારે બિલ્લીને દડો આપ્યો.
૬. પીંજારો માટી ગૂંદીને માટલાં બનાવે.
૭. ધોબીએ બિલ્લીને કપડાં ધોઈ આપ્યાં.
૮. બિલ્લીએ ગાડી સાથે કૂતરો જોડ્યો.
૯. કુંભાર માટીનાં વાસણ બનાવે.
૧૦. બિલ્લીબાઈની સવારી દિલ્હી તરફ ઊપડી.

## બિલ્લીમાસીને આવું કોણ કહી શકે તે લખો :

૧. લો, આ સિવાઈ ગયું તમારું ફ્રૉક !
૨. લાવો પાંચ રૂપિયા. લો આ તમારો ઘડો.
૩. આ ચમકતાં ચંપલ લઈ લો.
૪. આ લો તમારું ઈસ્ત્રીટાઈટ ફ્રૉક !
૫. પીંજાઈ ગયો કપાસ. લો આ ધોળો ધોળો ઢગલો.
૬. ગાડી સારા લાકડાંની બનાવી છે. પાંચસો રૂપિયાની થશે, હોં !
૭. આજે જ ખેતરમાંથી કપાસ કાઢ્યો છે.

## ગીત ગાઓ :

### કારીગરનો મેળો

જામ્યો કારીગરનો મેળો (૨)
ચાકડો ને ટોપલો લઈને આવ્યા કુંભારભાઈ
માટીમાંથી માટલીનો ઘાટ બનાવે કેવો ! ... જામ્યો ...
લેલું ને ઓળંબો લઈને આવ્યા કડિયાભાઈ
ઈંટ-માટીથી ચણીચણીને મહેલ બનાવે કેવો ! ... જામ્યો ...
કરવત, વાંસલો, વીંધણું લઈ આવ્યા સુથારભાઈ
લાકડકામ કરીને એ તો રંગ ચડાવે કેવો ! ... જામ્યો ...
એરણ ને ધમણ લઈને આવ્યા લુહારભાઈ
લોઢું ટીપી જોતજોતામાં પલંગ બનાવે કેવો ! ... જામ્યો ...
સોય, ટેપ ને સંચો લઈને આવ્યા દરજીભાઈ
કાપડ કાપી જોતજોતામાં કોટ બનાવે કેવો ! ... જામ્યો ...
રાંપી ને પૉલિશ લઈને આવ્યા મોચીભાઈ
ચામડું કાપી જોતજોતામાં બૂટ બનાવે કેવો ! ... જામ્યો ...
સાબુ, પાઉડર, ઈસ્ત્રી લઈને આવ્યા ધોબીભાઈ
ચોખ્ખાં કરી કપડાં ઈસ્ત્રી કરીને વટ્ટ પાડી દે કેવો ! ... જામ્યો ...
અસ્ત્રો, કાતર, દર્પણ, કાંસકો લાવ્યા વાળંદભાઈ
ફુવારો છાંટી બાલ કાપીને વટ્ટ પાડી દે કેવો ! ... જામ્યો ...

- રમણભાઈ સોની

## સાધનને વ્યવસાયકારની ટોપલીમાં મૂકો :

ગીતમાં આવતા કારીગરોનાં નામ લખેલી ટોપલીઓ ટેબલ પર મૂકો. તેમજ વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા જેટલી ગીતમાં આવેલાં સાધનોની કાપલીઓ / કાર્ડ બનાવી વિદ્યાર્થીઓને આપો. વિદ્યાર્થીઓને વારાફરતી ઊભા કરી તે કાપલી કે કાર્ડ યોગ્ય કારીગરની ટોપલીમાં મૂકવા કહો.

## આ કોણ છે ? તેણે શું કર્યું ? નોંધો :

ગીતમાં આવતા કારીગરોની કાપલીઓ બનાવી બૉક્સમાં મૂકો. વારાફરતી દરેક વિદ્યાર્થીને બોલાવી કાપલી ઉપાડવા અને તેનો અભિનય કરવા કહો. એક અભિનય થયા બાદ તેના વિશે લખવા સમય આપો. ત્યારબાદ જ બીજી કાપલી ઉપાડવા વિદ્યાર્થીને બોલાવો. આ રીતે પ્રવૃત્તિ આગળ વધારો.

| ક્રમ | આ કોણ છે ? (કારીગર) | તેણે શું કર્યું ? |
|---|---|---|
| ૧. | મોચી | બૂટને પૉલિશ કરી. |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

● **ગીત ગાઓ :** કારીગરનો મેળો

## ગીતમાંથી શોધીને લખો :

૧. એ તો ઈંટ-માટીથી ________ ને મહેલ બનાવે છે.

૨. કાપડ કાપી ________ કોટ બનાવે છે.

૩. એરણ અને ________ લઈને આવ્યા લુહારભાઈ.

૪. ________ કરીને એ રંગ ચડાવે છે.

૫. ________ છાંટી વાળ કાપી વટ્ટ પાડી દે છે.

૬. ચાકડો ને ટોપલો લઈને ________ આવ્યા.

૭. રાંપી ને ________ લઈને ________ આવ્યા.

## ગીત વાંચી જવાબ લખો :

૧. વાળંદ વાળ કેવી રીતે કાપે છે ?

◆ વાળંદ ફુવારો છાંટીને વાળ કાપે છે.

૨. દરજીભાઈ કોટ કેવી રીતે બનાવે છે ?

◆

૩. કુંભાર શામાંથી માટલાં બનાવે છે ?

◆

૪. રાંપી ને પૉલિશનો ઉપયોગ કોણ કરે છે ?

◆

૫. લાકડકામ કોણ કરે ?

◆

૬. મોચી ચામડું કાપીને શું બનાવશે ?

◆

૭. દરજી કયાં કયાં સાધનોનો ઉપયોગ કરે છે ?

◆

## ફેરિયો - ફેરિયો રમીએ :

આપેલા નમૂના ઉપરાંત પોતાના વિસ્તારમાં જોવા મળતા ફેરિયાની બૂમો કે ગીતડાં લહેકા સાથે રજૂ કરો અને વિદ્યાર્થીઓ પાસે રજૂ કરાવો.

☺ રમકડાં લો...રમકડાં....
☺ એ રમકડાંવાલે.... રમકડાં...
☺ રમકડાં આવી ગ્યાં, ભઈ રમકડાં...

☺ જૂનો... સામાન... લોખંડનો ભંગાર...
☺ પસ્તી - પેપ્પર - લોખંડનો ભંગાર...
☺ ડબ્બા - બાટલી - પસ્તી ભંગાર...

☺ લઈ લો. ઈડલી-સંભાર...
☺ ઈડલીવાલે... ઈડલીવાલે...
☺ મદ્રાસી ઈડલી... મદ્રાસી ઈડલી...

☺ બકાલું લઈ લો....
☺ ડુંગળી, બટાકા, કોબી, ધાણા, મરચાં, આદુઉઉ....
☺ શાકભાજી આયી.... શાકભાજી .....

☺ ચાદર લઈ લો ચાદર... દોઢસોની બે....
☺ ખોળિયાં, ચોરસા... ચાદર... એય ... તકિયાકવર, ચોરસા....
☺ ચાદર, નૅપ્કિન, ટુવાલ...

☺ ખાવ... ઠંડી.. મીઠ્ઠી કેન્ડીઈઈ...
☺ આઈસ કેન્ડી... આયી... આઈસક્રીઈમ....
☺ આઝાદ કુલફી આવી આઝાદ કુલફી....

☺ ૨૦ રૂપિયામાં બામ લો. ઘૂંટણ, માથું, કમર દુઃખે તો બામ લગાવો...
☺ એ... સસ્તામાં સસ્તો ને સારામાં સારો... બામ લઈ લો બામ...
☺ જૂનું દરદ મટાડે... દુખાવો મટાડે... લઈ લો બામ લઈ લો...

## વાંચો :

આ સંવાદને નાટ્યાત્મક રીતે વિદ્યાર્થીઓ પાસે વંચાવવા. જરૂર પડ્યે મદદ કરવી.

### ૧. ઈનાને ફ્રૂટસલાડ બહુ ભાવે.

ઈના મમ્મી સાથે ફળો લેવા બજાર ગઈ.

દુકાન પર મોટા અક્ષરે લખ્યું હતું : ફારૂક ફ્રૂટવાલા.

ઈના : ઓહોહોહો... કેટલાં બધાં ફળો !

ફારૂકચાચા : તારે શું લેવું છે બેટા ?

ઈના : બધું જ ! ફ્રૂટસલાડ બનાવવો છે.

ફારૂકચાચા : અચ્છા ! તો આ કેળાં, ચીકુ, દરાખ, દાડમ અને સફરજન લઈ જા.



ઈના : ચાચા, આ ચીકુ જેવું બીજું શું છે ?

ફારૂકચાચા : કીવી. તે વિદેશમાં થાય.

ઈના : ને પેલું.... ફૂલ જેવું દેખાતું ફળ કયું ?

ફારૂકચાચા : એ ડ્રેગનફ્રૂટ. એ તો આપણા કચ્છમાં પણ ઉગાડાય છે.

ઈના : ચાચા, તમારે કેવું સારું ! જે ફળો ખાવાનું મન થાય તે ફળ ખાવા મળે.



ફારૂકચાચા : હા બેટા, ને અમારે ઘરે તો અઠવાડિયામાં પાંચ દિવસ ફ્રૂટસલાડ બને !

ઈના : આહાહા.. મમ્મી ચાલોને, આપણે ફારૂકચાચાના પડોશમાં ઘર લઈને રહીએ !

## ૨. મીના પપ્પા સાથે ગૅરેજ પર ગઈ.

ગણપતકાકા : કેમ છે બેટા ? શું નામ તારું ?

મીના : કેમ છો કાકા ? તમે ગણપતકાકા, ને હું મીના.

ગણપતકાકા : તે હેં, તેં મારું નામ કેવી રીતે જાણ્યું ?

મીના : આ લખ્યું દુકાનના પાટિયા પર - ગણપત ગૅરેજવાલા.

ગણપતકાકા : વાહ, મીના તું તો બહુ હોશિયાર !

મીના : કાકા, હોશિયાર તો તમે છો. કેવી મોટી મોટી કાર રિપૅર કરો છો !

પપ્પા : જો મીના, ગણપતકાકા બધી જ જાતની કાર રિપૅર કરે છે. જો આ એમના જૅક અને પકડ-પાનાં.

મીના : કાકા, તમારે ત્યાં સાઈકલ કે મોટર સાઈકલ રિપૅર ન કરો ?

ગણપતકાકા : હા કરીએ ને, જો આ એનાં પાનાંઓ. તેનો કારીગર જુદો.


મીના : તો કાકા, તમને આ બધ્ધી ગાડી ચલાવતાં આવડે છે ?

ગણપતકાકા : હા આવડે જ ને !

મીના : આહાહાહા, કાકા આ બધું તમે કઈ નિશાળમાં શીખ્યા ? મને શીખવશો ? મારેય શીખવું છે.

ગણપતકાકા : બેટા, તું પહેલાં મોટી થઈ જા. પછી ગાડી શીખજે.

મીના : સારું... સારું... થૅન્ક યૂ કાકા.



## અલગ હોય તેની ફરતે ◯ કરો.

૧. ગાડી, ડ્રાઈવર, પાનાં, ઈસ્ત્રી
૨. સંચો, લેલું, તગારું, ઓળંબો
૩. દાડમ, ફ્રૂટસલાડ, ચીકુ, કેળાં
૪. ગૅરેજવાલા, બકાલું, લુહાર, કડિયો

## મને ઓળખી કાઢો :

વિદ્યાર્થીઓ જોઈ ન શકે તેવી રીતે (વિદ્યાર્થીની પાછળ જઈને કે ટેબલ આગળ પડદો પાડીને) કાતર, હથોડી, ફૂટપટ્ટી, ડિસમિસ, પેન્સિલ, લાકડાનો ટુકડો, ઈંટનો ટુકડો, ખીલી, બ્રશ, લેલું, પૉલિશની ડબ્બી, પાનું વગેરે વિદ્યાર્થીઓને વર્ગમાં બતાવા, ત્યારબાદ વિદ્યાર્થીઓની આંખે પાટા બાંધી / વિદ્યાર્થીની પાછળ જઈને / પડદો પાડી ને તે સાધન/ વસ્તુ હાથમાંથી નીચે પાડી અવાજ ઓળખવા કહેવું અને ક્રમશઃ નોંધ કરાવવી.

| ક્રમ | શું પડ્યું ? | કોણ વાપરે ? |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

## યાદ કરીને લખો :

| એક જગ્યાએ બેસીને કામ કરનાર | ફરી ફરીને કામ કરનાર | એક જગ્યાએ બેસીને અને ફરીને એમ બંને રીતે કામ કરનાર |
|---|---|---|
| દરજી | સફાઈકામદાર | શાકભાજી વેચનાર |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

- **ચાલો, ગાઈએ ગીતડું :** ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટપાલી હું...

# ૯ આપણે સૌ તોફાની

## ચાલો, ગાઈએ ગીતડું :

વડલાડાળે વાંદરાટોળી કરતી હૂપાહૂપ...
છાનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ...
વડલાડાળે (૨)
એક મોટો બૂઢિયો એ વાનરનો સરદાર,
એની પાછળ નાનામોટા વાંદરા છે દસબાર.
છાપરાં કૂદે, કૂદે અગાશી, એવા એ બહાદુર... એવા એ બહાદુર
છાનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ...
લીમડા કેરી ખાય લીંબોળી, વડના ખાય ટેટા
કેરી કેરી ખાઈ ખાઈને ગોટલા નાખે હેઠા
ઠેકડા મારે, મારે ગુલાંટો, કરતાં ઝૂંટાઝૂંટ... કરતાં ઝૂંટાઝૂંટ...
છાનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ...

## વાંચો અને અભિનય કરો :

તમારા મિત્ર બોલ્યા વગર અભિનય કરે છે તે ઓળખો.

નીચે આપેલ ક્રિયાઓ શિક્ષકે એકવાર વર્ગમાં કરીને બતાવવી. ત્યારબાદ આવી ક્રિયાઓની ચિઠ્ઠીઓ બનાવવી. એક પછી એક બાળક આવે અને ચિઠ્ઠી ઉપાડે. ચિઠ્ઠી વાંચીને એ મુજબ અભિનય કરે. બાકીનાં બાળકો આ અભિનયને ઓળખી બતાવે. વર્ગનાં તમામ બાળકો ચિઠ્ઠી ઉપાડીને વાંચે અને એ મુજબ અભિનય કરે તેમ કરવું.

૧. છાનામાના જોવું
૨. હૂપાહૂપ કરવું
૩. છુપાઈ જવું
૪. ઠંડા પાણીમાં ડૂબકી ખાવી
૫. ખાટી કેરી ખાવી
૬. લીંબોળી ખાવી

## વાંચો અને ભજવો :

વિદ્યાર્થીઓ સમક્ષ આ સંવાદ હાવભાવ અને યોગ્ય આરોહ-અવરોહ સાથે વાંચી સંભળાવો. ત્યારબાદ વિદ્યાર્થીઓને નીચેનાં ચિત્રો જોઈ સાથે આપેલા સંવાદ વાંચવા કહેવું. વિદ્યાર્થીઓ પાસે (જોડીમાં અને જૂથમાં) આ સંવાદ રજૂ કરાવો. વિદ્યાર્થીઓ આ સંવાદો ઉપરાંત પોતાના સંવાદો ઉમેરે તે માટે માર્ગદર્શન આપો. જેમ કે, પ્રથમ સંવાદમાં, શૌનક ઘરે આવે ત્યારે મમ્મી પૂછે કે, "આજે આટલું મોડું કેમ થયું ?" વગેરે..



☺ **શૌનક :** મમ્મી, આજે તો મેં મોટું પરાક્રમ કર્યું.

**મમ્મી :** વાહ, બેટા...શું પરાક્રમ કર્યું ?

**શૌનક :** આ ઘાસ મેં જમીનમાંથી ખેંચી કાઢ્યું.

**મમ્મી :** ઓ હો હો, આ તો બહુ મોટું પરાક્રમ !


**શૌનક :** હાસ્તો વળી, એક તરફ આખા બગીચાની જમીન આ ઘાસને પકડી રહી હતી, અને બીજી તરફ હું એકલો હતો. તોપણ મેં ઘાસ ખેંચી કાઢ્યું...!

સાપ : બેટા, આજે કેમ આટલો ખુશ છે?


બેટો : પપ્પા, આજે મેં એક નવું જ કામ કર્યું.

સાપ : એવી તો શી નવાઈ કરી ?

બેટો : આજે હું સીધો સીધો ચાલીને ઘરે આવ્યો !



◆ ◆ ◆



મીઠુ મચ્છર એના મિત્રોને પોતાના પરાક્રમની વાત કરતો હતો. મીઠુ કહે, ''આજે તો મેં જબરું કામ કર્યું.'' બધા મચ્છર નવાઈથી બોલી ઊઠ્યા, ''એવી તો શું ધાડ મારી ?'' મીઠુ : ''આખી રાત પેલા ટપુભાઈનું લોહી પીધું.'' બીજો મચ્છર કહે, ''એમાં શી નવાઈ ? અમે બધાં આખી રાત કોઈક ને કોઈકનું લોહી પીએ જ છીએ ને ?'' મીઠુ કહે, ''પણ ટપુ તો મચ્છરદાનીમાં હતો, હું મચ્છરદાનીમાં ઘૂસી ગયો, બોલો.'' બધા મચ્છર કહે, ''વાહ મીઠુ તારું પરાક્રમ !''

## રમો અને કહો :

**કૂદાકૂદ :**

પાંચ પાંચ વિદ્યાર્થીઓનાં જૂથ બનાવો. મેદાનમાં એક લીટી દોરી એક જૂથના વિદ્યાર્થીઓને એ લીટી પર ઊભા રાખો. આ લીટી પરથી દરેક વિદ્યાર્થીને બંને પગ ભેગા રાખીને કૂદવા કહો. જે સૌથી વધુ લાંબું કૂદે તે વિદ્યાર્થીને અલગ ઊભા રહેવા કહો. ત્યારબાદ બીજું જૂથ પણ આ રીતે કૂદે. તમામ જૂથમાં જીતેલા વિદ્યાર્થીઓનું અલગ જૂથ બનાવો. જીતેલા વિદ્યાર્થીઓના જૂથને પણ આ રમત ફરીથી રમાડો.

આ અને આવી અન્ય રમતો રમાડીને વિદ્યાર્થીઓને વર્ણન કરવા તથા પોતાના અનુભવો રજૂ કરવા કહો.

૧. આ રમત આપણે કેવી રીતે રમ્યા ?

૨. બધા વિદ્યાર્થીઓને એકસાથે જ રમાડ્યા હોય તો શું થાય ? શી મુશ્કેલી પડે ?

૩. જીતી ગયેલા વિદ્યાર્થીઓને ફરીથી શા માટે રમાડ્યા ?

૪. કઈ રમત રમવાની તમને સૌથી વધુ મજા આવી ?

૫. કોણ કોણ ખૂબ સારું રમ્યાં ?

૬. તમે કઈ રમત રમાડી શકો ?

**યાદ કરો અને કહો :**

વિદ્યાર્થીઓ પોતાનાં તોફાનો વિશે વર્ગમાં વાત કરે એ માટે પહેલાં તમે શરૂઆત કરો. તમારા નાનપણનાં પોતાનાં બે-ત્રણ રસપ્રદ તોફાનો વિશે વર્ગમાં વાત કરો. ત્યારબાદ નીચે આપેલો ફકરો વિદ્યાર્થીઓને વાંચી સંભળાવો.

વિદ્યાર્થીઓ એક પછી એક ઊભા થઈને પોતાનાં તોફાન વિશે વાત કરે. જરૂર જણાયે, વિદ્યાર્થીઓને કેટલાક પ્રશ્નો પૂછીને, તેમનાં તોફાનો વિશે કહેવા પ્રોત્સાહિત કરો. દાખલા તરીકે, તમારા પપ્પા તમારા પર ક્યારે ગુસ્સે થયેલા ? તમે ઘરમાં કોઈ વસ્તુ તોડી હતી ? વગેરે.

વિદ્યાર્થીઓને કહો કે તેઓ ઘરે જઈને પોતાનાં મા-બાપ કે દાદા-દાદીને પૂછે કે એ લોકોએ નાનપણમાં કેવાં તોફાન કર્યાં હતાં ?

એકસાથે બધા વિદ્યાર્થીઓ પોતાનાં તોફાન વિશે વાત ન કરે, પરંતુ એક દિવસે ત્રણ-ચાર વિદ્યાર્થીઓ વાત કરે, બીજા દિવસે બીજા ત્રણ-ચાર વિદ્યાર્થીઓ વાત કરે એ રીતે તમામ વિદ્યાર્થીઓ વાત કરે તેવું આયોજન કરો.

## મારાં તોફાન

હું બાલમંદિરમાં ભણતી હતી ત્યારે એક વાર સાંજે ઘરમાં લીંબુ-શરબત બનાવેલું. મેં મારા દૂધના ગ્લાસમાં લીંબુ-શરબત પીધું હતું. પછી દૂધ પીવાનો સમય થયો

એટલે દૂધ પણ એ જ ગ્લાસમાં લીધું. પપ્પાએ ગુસ્સાથી કહ્યું, ''આ દૂધ ફાટી ગયું. હવે આ ન પિવાય.'' મને નવાઈ લાગી. મેં પપ્પાને પૂછ્યું, ''દૂધ ફાટે એટલે શું થાય ?'' પપ્પા કહે, ''એ તો દૂધમાં ખાટી વસ્તુ ભળે એટલે દૂધ ફાટી જાય. તને ખબર ન પડે.'' મને તો ફાટી ગયેલા દૂધના ટુકડા દેખાયા જ નહોતા. મેં તો રાત્રે છાનામાના ફ્રિજ ખોલ્યું, દૂધની તપેલી ભરેલી હતી તેમાં થોડું લીંબુ-શરબત ઉમેરી દીધું !

- તમારાં દાદા-દાદી અથવા મમ્મી-પપ્પા પાસેથી જાણો કે તેઓ નાનાં હતાં ત્યારે કેવાં તોફાન કરતાં ?
- તમે નાનપણમાં કયું મોટું તોફાન કરેલું ?

આ તોફાન વિશે વર્ગમાં વાત કરો.

- **ચાલો, ગાઈએ ગીતડું :**

વડલાડાળે વાંદરાટોળી કરતી હૂપાહૂપ...


**વાર્તા :**

## બળિયો ભીમ

હસ્તિનાપુર નામનું નગર હતું. આ નગરમાં એકસો પાંચ રાજકુમાર રહેતા હતા: પાંચ પાંડવ અને સો કૌરવ. નાનાનાના રાજકુમારો ખાય, પીએ, રમે અને મજા કરે. એકવાર પાંચેય પાંડવ બગીચામાં રમતા હતા. એટલામાં દુર્યોધન અને તેના નવ્વાણું ભાઈઓ આવ્યા. દુર્યોધન અને તેના બીજા ભાઈઓને પાંડવો જરાય ન ગમે. એમાંય ભીમ માટે કૌરવોના મનમાં બહુ જ ખીજ. કૌરવો હંમેશાં પાંડવોને હેરાન કરવાની તક જ શોધતા હોય.

એક દિવસની વાત છે. દુર્યોધન પાંડવોને કહે, ''ચાલો આપણે ભેગા મળીને આંબલીપીપળી રમીએ.'' ભીમ અને અર્જુને રમવાની ના પાડી. પરંતુ યુધિષ્ઠિરે કહ્યું, ''હા, ચાલો, આપણે સાથે રમીએ.'' યુધિષ્ઠિરની વાત બધા પાંડવ માને. રમવાનું શરૂ થયું. કૌરવોએ એવું વિચાર્યું કે, ભીમને દાવ આપવો અને આપણે ઝાડ પર ચઢી જવું. એ જાડિયો તો ઝાડ પર ચડી જ નહિ શકે, મજા આવશે !

ભીમનો દાવ આવ્યો. ભીમે આંખ બંધ કરીને ગણવાનું ચાલુ કર્યું, ''એક, બે, ત્રણ, ચાર,....દસ, અગિયાર, બાર,...વીસ, ત્રીસ, પચાસ,....એંશી, નેવું, એકાણું,...અઠ્ઠાણું, નવ્વાણું અને સો.'' આંખ ઉઘાડીને આજુબાજુ જોયું તો કોઈ જોવા ન મળે. દુર્યોધન અને બીજા કૌરવો ઝાડ પર બેસીને હસતા હતા. ભીમ ઝાડ નીચે ગયો. કૌરવો ભીમને ખીજવવા માંડ્યા.



''જાડિયો જાડિયો જાડિયો ભીમ, ઝાડ પર ચઢશે કેમ ?

આંબલીપીપળીનો દાવ દેવા આપણને એ અડશે કેમ ?''

ભીમ વિચારમાં પડ્યો, ''વાત તો સાચી, હું ઝાડ પર કેવી રીતે ચઢું ?'' ત્યાં તો કૌરવો ફરીથી બોલ્યા :

''કોઈના ટેકે ચઢશે તોપણ, ફેરો એનો ફોગટ જશે,

ઝાડની ડાળીએ પગ મૂકશે તો ડાળી સાથે નીચે જશે.''

ભીમને બહુ ગુસ્સો આવ્યો. જોરથી બૂમ પાડી. એના મોટા અવાજથી એક-બે

કૌરવો તો ધ્રૂજવા લાગ્યા. ભીમે પોતાનો હાથી જેવો પગ પછાડ્યો. ધરતી ધ્રૂજી. બે-ત્રણ કૌરવો તો 'ઓ મા રે...' કરીને નીચે પડ્યા. ભીમ હજી પણ ગુસ્સામાં હતો. કારણ કે દુર્યોધન અને દુઃશાસન હજી ઝાડ પર હતા અને ભીમને ખીજવતા હતા. ગુસ્સામાં ને ગુસ્સામાં ભીમે ઝાડના થડને જોરથી એક મુક્કો માર્યો. આખું ઝાડ ધ્રૂજી ગયું. ચાર-પાંચ કૌરવો તો 'મરી ગયા ઓ મા રે...!' બોલતાં નીચે પટકાયા. આ જોઈને ભીમને યુક્તિ સૂઝી. એણે તો ઝાડના થડને બાથમાં પકડીને જોરથી હલાવવાનું શરૂ કર્યું. આખું ઝાડ હિલ્લોળા લેવા માંડ્યું. ઝાડ હલવાથી દુર્યોધન, દુઃશાસન અને બાકીના બધા કૌરવો ઝાડ પરથી ટપોટપ નીચે પછડાયા. દુર્યોધન તો ઊંધે માથે પડ્યો. ભીમ દુર્યોધનને અડી ગયો. દાવ દુર્યોધન પર આવી ગયો. ભીમ ખુશ થઈ ગયો.

પહેલાં 'બળિયો ભીમ' વાર્તાનું અસરકારક મુખવાચન કરો. મુખવાચન યોગ્ય ઝડપ અને યોગ્ય આરોહ-અવરોહ સાથે કરવું. જ્યારે તમે વાંચતા હો ત્યારે દરેક વિદ્યાર્થીને પોતાના પુસ્તકમાં આંગળી ફેરવતા રહી સાથે સાથે મનમાં વાંચવા કહો.

ત્યારબાદ આ વાર્તાનું મુખવાચન દરેક વિદ્યાર્થી કરે તે માટે વર્ગના કોઈ એક વિદ્યાર્થીને ઊભા કરી, આ વાર્તા મોટેથી વાંચવા કહો. વિદ્યાર્થીને મોટા અવાજે વાંચવા કહો, જેથી બાકીના વિદ્યાર્થીઓ પણ એ સાંભળી શકે. પહેલો વિદ્યાર્થી ત્રણ-ચાર વાક્યો વાંચે પછી બીજા કોઈ વિદ્યાર્થીને મુખવાચન કરવા કહો. આ રીતે વર્ગના તમામ વિદ્યાર્થીઓને મુખવાચનની તક આપો. કોઈ એક વિદ્યાર્થી મુખવાચન કરતો હોય ત્યારે બાકીના તમામ વિદ્યાર્થીઓ પોતાના પુસ્તકમાંથી એ જ વાક્ય વાંચતા હોય તે ધ્યાન રાખો. આ વાર્તા વર્ગમાં ચાર-પાંચ વખત મોટેથી વંચાશે.

વિદ્યાર્થીઓ જો શબ્દો કે શબ્દસમૂહો વાંચતી વખતે ભૂલ કરતા હોય તો પણ વ્યક્તિગત ભૂલ ન કાઢવી. તે શબ્દો કે શબ્દસમૂહોનું ઝીલવાચન કરાવો.

## સાચા વાક્યની આગળ ખરાની નિશાની કરો. જે વાક્ય ખરું હોય તે ફરીથી લખો.

- દુર્યોધનને ભીમ બહુ ગમે. ◯ ____
- ભીમે દુર્યોધનને મુક્કો માર્યો. ◯ ____

- છેવટે દુ:શાસન પર દાવ આવ્યો. ◯
- કૌરવો ઝાડ પરથી નીચે પટકાયા. ◯
- પાંડવો યુધિષ્ઠિરની બધી વાત માને. ◯
- ભીમ ખૂબ જ શક્તિશાળી હતો. ◯
- ભીમે ઝાડ હલાવ્યું એટલે પાંડવો નીચે પડ્યા. ◯
- હસ્તિનાપુરના રાજકુમારો એટલે પાંડવો અને કૌરવો. ◯
- આંબલીપીપળી રમવાની કૌરવોને બહુ મજા પડી. ◯

## આપેલા વાક્ય જેવો જ અર્થ ધરાવતું વાક્ય કયું ? જોડો.

| | |
|---|---|
| ઝાડ પરથી <u>પટકાયા.</u> → | ઝાડ પરથી નીચે ઊતર્યાં.<br>ઝાડ પરથી નીચે પડ્યા. |
| ઝાડ <u>હિલોળા લેવા લાગ્યું.</u> | ઝાડ આમતેમ હલવા લાગ્યું.<br>ઝાડ હીંચકો ખાવા લાગ્યું. |
| ભીમ બહુ <u>બળિયો હતો.</u> | ભીમ બહુ શક્તિશાળી હતો.<br>ભીમ બહુ બળી ગયો હતો. |
| એનો ફેરો <u>ફોગટ</u> જશે. | એનો ફેરો નકામો જશે.<br>એનો ફેરો મજાનો જશે. |
| ભીમને એક યુક્તિ <u>યાદ આવી.</u> | ભીમને એક યુક્તિ ગમી ગઈ.<br>ભીમને એક યુક્તિ સૂઝી. |

## શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવીને વાક્ય બનાવો.

૧. કહે છે / દરરોજ / મારા દાદા / મને વાર્તા

૨. મારી મમ્મીને / બહુ ગમે / છાપું વાંચવાનું / સવારે

૩. રસોઈ / મારા / બનાવે છે / પપ્પા સરસ

૪. જાય છે / મારી / ક્રિકેટ રમવા / મોટીબહેન

૫. બહુ / મને / ભાવે છે / દૂધ / ગાયનું

- **ચાલો, ગાઈએ ગીતડું : વડલાડાળે વાંદરાટોળી કરતી હૂપાહૂપ**

## નો, ની, નું, ના મૂકી ખાલી જગ્યા પૂરો :

- ભીમ ____ હાથ પણ મોટા.
- મમ્મી ____ સ્કૂટર નવું છે.
- મારા ભાઈ ____ સાઈકલ હું પણ ચલાવું છું.

- આજે નાસ્તા ______ ડબ્બો ઘરે ભૂલી ગઈ.
- પેન્સિલ ______ અણી તો વાગે એવી છે.
- દાદા ______ ચશ્માંમાંથી કાચ કાઢી લીધો.
- પાંડવો યુધિષ્ઠિર ______ કહેવું માને.
- દુર્યોધનને ભીમ ______ બહુ બીક લાગે.
- દોસ્ત ______ ડબ્બામાંથી નાસ્તો કર્યો.

**તમને ગમતા વાક્ય સામે ખરાની નિશાની કરો અને ઉદાહરણ મુજબ લખો :**

| | |
|---|---|
| મને લાંબી પેન્સિલ ગમે. | મને ટૂંકી પેન્સિલ ગમે. √ |

ઉદાહરણ : મને **ટૂંકી** પેન્સિલ ગમે, મને **લાંબી** પેન્સિલ **ન** ગમે.

| | |
|---|---|
| મને સવારે રમવું ગમે. | મને સાંજે રમવું ગમે. |

______

| | |
|---|---|
| મને પાતળી રોટલી ભાવે. | મને જાડી રોટલી ભાવે. |

______

| | |
|---|---|
| મને ઊંચી સાઈકલ ગમે. | મને નીચી સાઈકલ ગમે. |

______

| | |
|---|---|
| મને હળવું દફતર ગમે. | મને વજનદાર દફતર ગમે. |

| | |
|---|---|
| મને ગરમ દૂધ ભાવે. | મને ઠંડું દૂધ ભાવે. |

| | |
|---|---|
| મને નાનું બૅટ ગમે. | મને મોટું બૅટ ગમે. |

## નીચેના વાક્યો ધ્યાનથી વાંચો :

આરતી અને આયુષ ભાઈ-બહેન. આરતી મોટી અને ડાહી. આયુષ નાનો પણ બધાના ચાળા પાડે. આરતી જે કરે એ બધું જ આયુષ પણ કરે.

આરતી રૂમમાંથી બહાર આવી, આયુષ પણ બહાર આવ્યો.

આરતી ઉંબરો કૂદી ગઈ, આયુષ પણ ઉંબરો કૂદી ગયો.

આરતી બેસી ગઈ, આયુષ પણ બેસી ગયો.

આરતી ઊભી થઈ, આયુષ પણ ઊભો થયો.

આરતી ધાબે ચડી, આયુષ પણ ધાબે ચડ્યો.

આરતી હસી, આયુષ પણ હસ્યો.

આરતી ધાબું વાળવા લાગી, આયુષ ઊભો જ રહ્યો !

**વાંચો, સમજો અને ______ માં યોગ્ય શબ્દો લખો. ત્યારબાદ વર્ગ સમક્ષ મોટેથી વાંચો.**

વિદ્યાર્થીઓ આ ખાલી જગ્યામાં જવાબ લખી લે, ત્યારબાદ એક પછી એક એમ ઊભા થઈને આ વાક્યોની જોડ વર્ગ સમક્ષ મોટેથી વાંચે. જેમ કે એક વિદ્યાર્થી ઊભો થાય અને વાંચે : 'શર્મિષ્ઠા ગીત ગાતી હતી. દક્ષ ગીત ગાતો ન હતો.'

| | |
|---|---|
| શર્મિષ્ઠા ગીત ગાતી હતી. | દક્ષ ગીત ગાતો ન હતો. |
| મૌનસ દોડીને જતો હતો. | મૈત્રેયી દોડીને ______ ______ |
| મહર્ષિ શાળામાં આવવાનો છે. | ______ શાળામાં આવવાની છે. |
| શાર્દૂલ ઘરકામ કરતો હતો. | શ્રેયા ઘરકામ ______ ______ |
| પ્રિયાંશ ક્રિકેટ રમવા આવેલો. | ______ ક્રિકેટ રમવા ______ |

**અભિનય સાથે ગાઓ :**

## દરિયાકાંઠે

દરિયાકાંઠે રમવા ચાલો નાના બાળારાજા,
રેતીમાં રમવાને ચાલો રે બાળારાજા...
શંખલાં છીપલાં વીણીને, માળા રે બનાવશું,
કાગળની હોડીને પાણીમાં રે તરાવશું,
મોજાં સાથે બાથ ભીડશું ચાલો બાળારાજા... દરિયાકાંઠે.
રેતીના બંગલાઓ સાથે બેસી બનાવશું,
નાની ઢીંગલી માટે રે ખુરશી-ટેબલ લાવશું,
પાણીમાં છબછબિયાં કરશું ચાલો, બાળારાજા... દરિયાકાંઠે.
ઊંચા ઊંચા આભલે સૂરજદાદા આવશે,
સંધ્યા રંગોને, પાણીમાં રે બિછાવશે,

દરિયામાં એ રંગો જોવા ચાલો બાળારાજા... દરિયાકાંઠે.
નાની નાની માછલીઓ કાંઠે રમવા આવશે,
ગીત મધુરાં ગાશું, દરિયો હિલ્લોળા લાવશે,
મોજાંમાં હિલ્લોળા જોવા, ચાલો બાળારાજા... દરિયાકાંઠે.

- મહેન્દ્રભાઈ જોશી

## વાતચીત :

સૌ પહેલાં આ ગીતના આધારે બાળકો સાથે વાતચીત કરો કે બાળારાજા દરિયાકાંઠે શું શું કરવાના છે. આ વિગતો બૉર્ડમાં લખો. ત્યારબાદ, બાળકોને પોતાના અનુભવો વિષે વાત કરવા કહો.

આ પ્રવૃત્તિનો હેતુ બાળકોની મૌખિક અભિવ્યક્તિ ખીલવવાનો છે. બાળકો પોતાના અનુભવો અંગે વાત કરે તે અપેક્ષિત છે. બાળકો બોલતાં હોય ત્યારે તેમને ટોકવાં નહીં, બોલવામાં ભૂલ થાય તો થવા દેવી. બાળક બોલતું હોય ત્યારે વચ્ચે રોકીને ભૂલ સુધારવાનો પ્રયત્ન ન કરવો. બાળકને બોલવા દેવું અને વિગતવાર બોલવા પ્રોત્સાહિત કરવું.

જો બાળકો આખા વર્ગ સમક્ષ બોલતાં ક્ષોભ અનુભવે તો પહેલાં તેમને તેમના મિત્ર સાથે આ અંગે વાત કરવા કહો. બધાં બાળકો એકબીજા સાથે વાત કરી લે ત્યારબાદ તેમને વર્ગ સમક્ષ બોલવા કહો.

## જોડકાં જોડો અને લખો :

બાળારાજા દરિયાકાંઠે શું શું કરશે ? એ દરિયાકાંઠે જે કરવાના છે તે ઊલટસૂલટ થઈ ગયું છે, એ સરખું કરીને ઉદાહરણ મુજબ નીચે વાક્યો લખો :

| બાળારાજા... | ... આ કરશે |
|---|---|
| શંખલાં-છીપલાં | રંગો જોશે |
| રેતીના | બનાવશે |
| દરિયામાં | બંગલા બનાવશે |
| મોજાં સાથે | વીણશે |
| કાગળની હોડી | બાથ ભીડશે |

ઉદાહરણ : બાળારાજા દરિયાકાંઠે શંખલાં-છીપલાં વીણશે.

## શિક્ષક બોલે તે લખો :

'બળિયો ભીમ' વાર્તામાંથી ચાર-પાંચ વાક્યો પસંદ કરો. વાક્યો પસંદ કરતી વખતે એવું ધ્યાન રાખવું કે એમાં જોડાક્ષરોવાળા શબ્દો પણ હોય.

દરેક વાક્યનું શ્રુતલેખન કરાવો. દરેક બાળકનું લખાણ કાળજીપૂર્વક ચકાસો. બાળકોએ ભૂલ કરી હોય તો સુધારો.

## કોણ બનાવી શકે ? ખાનાંમાં લખો :

અહીં માનવનિર્મિત પદાર્થો અને કુદરતી પદાર્થોનો તફાવત કે તેની સંકલ્પના શીખવવાનો હેતુ નથી. અત્યારે માત્ર એટલી જ અપેક્ષા છે કે બાળકો પોતાના અનુભવજગતના આધારે આ અંગેની ચર્ચામાં ભાગ લે, વર્ગમાં બોલે, જરૂર જણાયે વર્ગમાં દલીલ પણ કરે. આવું થવાથી બાળકો સાદી સમજ કેળવશે કે પોતાની આસપાસ અને પોતાના અનુભવમાં જે કંઈ દેખાય તે બધું માણસે બનાવેલું નથી, તેમાંનું કેટલુંક જ માણસોએ બનાવેલું છે.

નીચે આપેલા શબ્દો ધ્યાનથી વાંચો અને વિચારો કે આમાં એવું શું છે જે માણસ બનાવી શકે ? એવું શું શું છે જે માણસ ન બનાવી શકે ?

● શંખ ● છીપલું ● માળા ● કાગળની હોડી ● રેતીના બંગલા ● આકાશ ● માછલી ● પાણી ● રેતી ● ઢીંગલી ● ખુરશી ● ટેબલ ● સૂર્ય (આ ઉપરાંત બંને ખાના માટે ચાર-પાંચ શબ્દો ઉમેરો.)

| માણસ બનાવી શકે | માણસ ન બનાવી શકે |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |

- તમે કદી નદીકાંઠે/દરિયાકાંઠે/તળાવ કાંઠે/વાડી-ખેતરમાં/બજારમાં/શાકમાર્કેટમાં/બગીચે ગયા છો ? ત્યાં શું શું કરેલું તે અંગે તમારા કોઈ એક મિત્રને જણાવો. ત્યાર બાદ વર્ગ સમક્ષ કહો.

## લખો :

આ પ્રવૃત્તિનો હેતુ બાળકોની લેખન અભિવ્યક્તિ ખીલવવાનો છે. બાળકો પોતાના અનુભવો અંગે લખતાં થાય તે અપેક્ષિત છે. બાળકો લખે એ પહેલાં એમની સાથે વાતચીત કરો. તેઓ અવારનવાર ફરવા જાય છે. ત્યાં તેઓ શું શું કરે છે તે અંગે પ્રશ્નો પૂછો.

બાળકોને લખાણ અંગે હંમેશાં પ્રોત્સાહન આપવું. દરેક બાળકે જે લખ્યું છે તે કાળજીપૂર્વક ચકાસો. એવું પણ બનશે કે વિદ્યાર્થીએ લખેલું છે એ આપણને સમજાય એવું નહીં હોય. આવું હોય ત્યારે જે-તે બાળકને જ પૂછો કે એણે શું લખ્યું છે, એ શું કહેવા માંગે છે. બાળક પાસેથી જાણીને પછી જ બાળકના લખાણ અંગે સુધારા કે સૂચનો કરો.

બાળારાજા દરિયાકાંઠે ફરવા જશે ત્યારે શું શું કરવાના છે એ તમને ખબર છે. તમે પોતે નદીકાંઠે, દરિયાકાંઠે કે જ્યાં પણ ફરવા ગયા હતા ત્યારે શું શું કરેલું એ પણ તમને ખબર છે.

નીચેના કોઠામાં લખો કે ગીતમાં બાળારાજા દરિયાકાંઠે શું શું કરવાના છે અને તમે જ્યાં ગયા હતા ત્યાં શું શું કરેલું ?

| બાળારાજા આ કરશે | • હું ______ ગયો હતો<br>• મેં આ કરેલું |
|---|---|
| શંખલાં-છીપલાં વીણશે. | ગોળ ગોળ પથ્થર વીણેલા. |
| | |
| | |
| | |
| | |

## ચિત્ર જુઓ, રંગ પૂરો અને લખો :


વિદ્યાર્થીઓ ચિત્રને આધારે ચાર-પાંચ વાક્યનો સળંગ ફકરો અથવા છૂટાં વાક્યો લખે એ અપેક્ષિત છે. દરેક વિદ્યાર્થીનું લખાણ ધ્યાનથી ચકાસો.

જરૂર જણાયે આ ચિત્ર અંગે વર્ગમાં ચર્ચા કરો. વિદ્યાર્થીઓ ધ્યાનથી ચિત્ર જુએ એ માટે આવા સવાલ પૂછો : ● આ શાનું ચિત્ર છે ? ● ચિત્રમાં કોણ કોણ છે ? ● તેઓ શું શું કરતાં દેખાય છે ? ● ચિત્રમાં બીજું શું શું દેખાય છે ? ● સોફાસેટ પર કોણ બેઠું છે ? ● આ નાની છોકરી શું કરે છે ?

ત્યારબાદ વિદ્યાર્થીઓ એ પણ લખે કે આ ચિત્રમાં શું ઉમેરવા જેવું છે, શું કાઢી નાખવા જેવું છે, શું બદલવા જેવું છે વગેરે. આ માટે પણ વિદ્યાર્થી સાથે ચર્ચા કરો. એ માટે નીચે જેવા પ્રશ્નો પૂછી શકાય :

મુન્નીને બદલે તમે હોવ તો વાર્તા સાંભળો કે ટીવી જુઓ ?

● મમ્મી મોબાઇલ જોતી હોય ● ટીવી જોતી હોય ● ચા બનાવતી હોય ? વગેરે.



ચિત્રમાં આ છે ....


હવે શિક્ષકના પ્રશ્નોના આધારે તમે જે ફેરફાર કરવાનું કહો તે ઉદાહરણ પ્રમાણે લખો.

દાદા છાપું વાંચતા હોય.

- **ચાલો, ગાઈએ ગીતડું : વડલાડાળે વાંદરાટોળી કરતી હૂપાહૂપ**

| ૧૦ | કામ કરીએ કલક કલક |
|---|---|

## ચાલો, ગાઈએ ગીતડું :



## વાતચીત :

૧. તમને શું કરવું બહુ જ ગમે છે ?
૨. તમે રિસેસમાં શું શું કરો છો ?
૩. તમે રજાના દિવસે શું શું કરો છો ?

## તમારાં આ કામ કોણ કરે છે ? √ કરો. આપેલ જગ્યામાં બીજાં કામ પણ લખો :

| કામ | મમ્મી | પપ્પા | દાદા | દાદી | હું પોતે | બીજું કોઈ |
|---|---|---|---|---|---|---|
| વાળ ઓળવા | | | | | | |
| બૂટ-મોજાં પહેરવાં | | | | | | |
| નહાવું | | | | | | |
| કપડાં પહેરવાં | | | | | | |
| દફતર ગોઠવવું | | | | | | |
| લેસન કરવું | | | | | | |
| નાસ્તાનો ડબ્બો ભરવો | | | | | | |
| મોઢું ધોવું | | | | | | |
| જમવું | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

## ⬡ તમારા મિત્ર જાતે કયાં કામ કરે છે તે જૂથમાં બેસી લખો.

વિદ્યાર્થીઓને પાંચ-પાંચના જૂથમાં બેસાડી એકબીજાની ચોપડીમાં કોઠામાં જોઈને લખવા કહો જરૂર પડ્યે મદદ કરો.

દિવ્યા દફતર ભરે છે અને જાતે જ જમે છે.

તમારા ઘરમાં આ કામ કોણ કોણ કરે છે ? √ કરો. યાદ કરી બીજાં કામ પણ લખો.

| કામ | હું | મમ્મી | પપ્પા | દાદા | દાદી | ભાઈ | બહેન | કામવાળાં |
|---|---|---|---|---|---|---|---|---|
| બાગમાં પાણી પાવું | | | | | | | | |
| ઘરની સફાઈ કરવી | | | | | | | | |
| વાસણ સાફ કરવાં | | | | | | | | |
| ચા બનાવવી | | | | | | | | |
| કપડાંની ગડી વાળવી | | | | | | | | |
| રમકડાં ગોઠવવા | | | | | | | | |
| પોતું કરવું | | | | | | | | |
| શાક લેવા જવું | | | | | | | | |
| રૂમાલ ધોવો | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

## વાતચીત :

૧. તમારા ઘરમાં મમ્મી કયાં કયાં કામો કરે છે ?
૨. ઘરમાં પપ્પા કયાં કયાં કામો કરે છે ?
૩. તમે ઘરનાં કયાં કયાં કામો કરો છો ?
૪. તમને કયાં કયાં કામ કરવાં ગમે છે ?
૫. તમને કયાં કયાં કામ કરવાં ગમતાં નથી ?
૬. તમે પડોશીનાં કામ કરો છો ? કયાં કયાં ?

તમે ઘરમાં પોતુ કરો, પછી કહો કે પોતુ કરવા માટે શું શું કર્યું

- મેં પહેલાં ડોલ લીધી, પછી પાણી ભર્યું, પછી ....

આ રીતે રૂમાલ ધોવો, શાક લેવા જવું, દફતર ભરવું વગેરે જેવાં અનેક કામ વિશે પૂછો.

- **ચાલો, ગાઈએ ગીતડું :** બા, પેલા બાગમાં દોડી દોડી જાઉં

## વાંચો અને લખો :

### ચકલીની સવાર

સવાર પડી.
ચકચક ચકલી જાગી. તેણે ગીત ગાયું : ચીંચીંચીં...
બાજુની ડાળેથી ચમચમ ચકલીએ બૂમ પાડી : ગુડ મોર્નિંગ, ચકચક !
ચકચક : વેરી ગુડ મૉર્નિંગ !
ચમચમ : શું કરીશ આજે ?
ચકચક : બસ, મજા મજા. આજે નિશાળમાં જઈશ ને બાળકો સાથે વાતો કરીશ. ને ગીતો ગાઈશ... ચીંચીંચીં.'
ચમચમ : તો તો હું પણ આવીશ.

## વાર્તા :

આરોહ-અવરોહયુક્ત ભાવવાહી વાચન કરો. જ્યાં 'ક્લક ક્લક ક્લક' આવે ત્યારે બાળકો પાસે સમૂહમાં બોલાવો. ત્યારબાદ વાર્તા ટુકડે-ટુકડે વિદ્યાર્થીઓ પાસે વંચાવો.

### કામગરી મરઘી

એક હતી મરઘી. કર્મી એનું નામ. બોલે 'ક્લક ક્લક ક્લક'. કામ કરે ચકાચક.

એને જડ્યો એક ઘઉંનો દાણો. 'ક્લક ક્લક ક્લક.'



'એ ઘઉંનો દાણો વાવશે કોણ ?' એણે પૂછ્યું.

'હું નહિ વાવું..' કૂતરાએ કહ્યું.

'હું નહિ વાવું..' બિલાડીએ કહ્યું.

'હું નહિ વાવું..' વાંદરાએ કહ્યું.

'હું નહિ વાવું..' મોરલાએ કહ્યું.

'તો પછી હું તો વાવીશ જ.' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક.'

મરઘીએ ઘઉંનો દાણો વાવ્યો. પછી એમાંથી અંકુર ફૂટ્યો. અંકુર વધીને છોડ થયો. છોડ પર લીલાંકચ પાંદડાં આવ્યાં. સૂરજનો તડકો એ જોવા રોજ આવે. છોડ વધીને મોટો થયો. એને માથે ઉંબીઓ દેખાઈ. એ ઉંબીઓમાં દાણા ભરાયા. મરઘીનું મન ભરાયું. દાણા પાક્યા.



'હવે એ ઘઉં લણશે કોણ ?' મરઘીએ પૂછ્યું.

'હું નહિ લણું..' કૂતરાએ કહ્યું.

'હું નહિ લણું..' બિલાડીએ કહ્યું.

'હું નહિ લણું..' વાંદરાએ કહ્યું.

'હું નહિ લણું..' મોરલાએ કહ્યું.

'તો પછી હું લણીશ.' કર્મીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક.' મરઘીએ ઘઉં લણી લીધા.

'હવે આ ઘઉં ઝૂડશે કોણ ?' મરઘીએ પૂછ્યું.



'હું નહિ ઝૂડું..' કૂતરાએ કહ્યું.

'હું નહિ ઝૂડું..' બિલાડીએ કહ્યું.

'હું નહિ ઝૂડું..' વાંદરાએ કહ્યું.

'હું નહિ ઝૂડું..' મોરલાએ કહ્યું.

'તો હું ઝૂડું છું.' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક' મરઘીએ ઘઉં ઝૂડી લીધા.

'હવે  આ ઘઉં દળાવવા ઘંટીએ કોણ જશે ?' કર્મીએ પૂછ્યું.



'હું નહિ જાઉં..' કૂતરાએ કહ્યું.

'હું નહિ જાઉં..' બિલાડીએ કહ્યું.

'હું નહિ જાઉં..' વાંદરાએ કહ્યું.

'હું નહિ જાઉં..' મોરલાએ કહ્યું.

'તો હું ઘંટીએ જઈશ ને ઘઉં દળાવી લાવીશ.' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક' ને પછી મરઘી ઘઉં લઈને ઘંટીએ ગઈ. ઘઉં દળાવ્યા. લોટ લઈને મરઘી પાછી આવી. 'ક્લક ક્લક ક્લક.'

'હવે આ ઘઉંની રોટલી બનાવશે કોણ ?' મરઘીએ પૂછ્યું.



'હું નહિ બનાવું..' કૂતરાએ કહ્યું.

'હું નહિ બનાવું..' બિલાડીએ કહ્યું.

'હું નહિ બનાવું..' વાંદરાએ કહ્યું.

'હું નહિ બનાવું..' મોરલાએ કહ્યું.

'તો પછી રોટલી હું બનાવીશ.' મરઘીએ કહ્યું. 'ક્લક ક્લક ક્લક'. મરઘીએ પછી લોટ બાંધ્યો, રોટલી વણી, શેકી, ઘીમાં ઝબોળીને થાળીમાં પીરસી. સુગંધ આવી. સહુનાં મોંમાં પાણી પાણી.

‘હવે આ રોટલી ખાશે કોણ ?’ મરઘીએ પૂછ્યું.



‘હું ખાઈશ..’ કૂતરાએ કહ્યું.

‘હું ખાઈશ..’ બિલાડીએ કહ્યું.

‘હું ખાઈશ..’ વાંદરાએ કહ્યું.

‘હું ખાઈશ..’ મોરલાએ કહ્યું.

‘ના, ના, રોટલી તો હવે હું જ ખાઈશ.’ મરઘીએ કહ્યું. ‘ક્લક ક્લક ક્લક.’ ને મરઘી રોટલી ખાઈ ગઈ. રોટલી બનાવવા માટે કર્મીએ કેટલું કર્યું હતું ! ખરી મહેનત એની એકલીની જ હતી ને !

- આ વાર્તામાં ‘નહિ’ કેટલી વખત આવે છે ?

## શિક્ષક સાથે બોલો :

૧. વારાફરતી ચાર-ચાર જણાને ઊભા કરો.

૨. કોણ કયાં પશુ-પંખીનો સંવાદ બોલશે એ નક્કી કરવા દો.

૩. વાર્તામાં મરઘીના સંવાદો તમે બોલો ને વચ્ચે આવતાં પશુ-પંખીના સંવાદ વિદ્યાર્થીને બોલવાનું કહો.

૪. વર્ગનાં બધાંનો વારો આવે એટલી વખત સંવાદો ચાલુ રાખો.

આ જ રીતે ફરીથી વાર્તા કહીએ.. પણ પશુ-પંખીના અવાજ સાથે.. જેમ કે..

શિક્ષક : ‘ક્લક ક્લક ક્લક હું છું એક મરઘી... કામગરી મરઘી.

મને જડ્યો છે એક ઘઉંનો દાણો. ક્લક ક્લક ક્લક...

ક્લક ક્લક ક્લક... એ ઘઉંનો દાણો વાવશે કોણ ? ક્લક ક્લક ક્લક.’

પહેલો વિદ્યાર્થી : ‘હાઉ હાઉ...હું નહિ વાવું, હાઉ હાઉ...’

બીજો વિદ્યાર્થી : ‘મ્યાઉં મ્યાઉં... હું નહિ વાવું, મ્યાઉં મ્યાઉં...’

ત્રીજો વિદ્યાર્થી : ‘હૂપ હૂપ... હું નહિ વાવું, હૂપ હૂપ...’

ચોથો વિદ્યાર્થી : ‘ટેહુક... ટેહુક... હું નહિ વાવું, ટેહુક... ટેહુક...’

## બધાં મળી એકસાથે વાર્તા કહીએ...

ચાર જૂથ બનાવો. જૂથ માટે ચારેય પશુ-પંખીનાં નામમાંથી એકએક નામ આપો. તમે વાર્તા કહો ત્યારે ઉપરની પ્રવૃત્તિની જેમ પશુ-પંખીના અવાજમાં એકસાથે પોતપોતાના જૂથનો સંવાદ બોલશે.

## નામ લખો. નાટકમાં કોણ કોણ કયું પશુ-પંખી બન્યાં....

મરઘી


કૂતરો

બિલાડી

વાંદરો

મોર

મરઘીનું પીલું ખેતરમાં ખોવાયું છે. મરઘીને તેના પીલા સુધી પહોંચાડો :



આ વાર્તામાં છે કે નથી ? લખો :

૧. ઘઉંના દાણાને ઉંબીઓ બેઠી.

૨. કર્મીએ રોટલીને ઘીમાં ઝબોળી અને પછી વણી.

૩. મરઘીએ ઘઉં લણી લીધા.

૪. ખેતરમાં ત્રણ પંખીઓ રહેતાં હતાં.

૫. કૂતરાએ ઘઉં ઝૂડવાની ના પાડી.

૬. ખેતરમાં સોમાભાઈ મરઘીનું ધ્યાન રાખતા.

૭. મરઘીએ ઘઉંના દાણા ઘરઘંટીમાં દળ્યા.

૮. મરઘી રોટલી ખાઈ ગઈ.

**ઘઉંના દાણામાંથી રોટલી બનાવવા માટે શું કરાય ? કહો :**

**લખો :**

૧. મરઘી કામગરી હતી. તેણે કયાં કયાં કામ કર્યાં ?

૨. સૂરજ રોજ શું કરવા આવે છે ?

૩. કૂતરાએ શું કર્યું ?

૪. શું શું ઉગાડાય ?

૫. શું શું દળાવાય ?

૬. શું શું બનાવાય ?

## પેટીમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

૧.

| |
|---|
| બહેન |
| દફતર |
| દાદા |
| કંપાસ |

સમીરનો

સમીરનું

સમીરની

સમીરના

## નો, ની, નું, નાં થી ખાલી જગ્યા પૂરો.

૧. એક લીમડા ____ ઝાડ હતું.


૨. ઝાડ ____ ટોચ પર માળો હતો.

૩. માળામાં કાગડી ____ ઈંડાં હતાં.

૪. ઈંડાં ____ રંગ સફેદ હતો. ઈંડાંમાંથી બચ્ચાં બહાર આવ્યાં.

૫. માળામાં કાગડી ____ બે બચ્ચાં હતાં.

## ચિત્ર જોઈને કહો અને લખો :




૧.

૨. હું હાથ ધોઉં છું.

૩.

૪.

૫.

૬.

## ચિત્રમાં બતાવેલ દરેક કામમાં એક-એક ક્રિયા ઉમેરીને કહો...

**ઉદાહરણ :** હું મહેમાનોને પાણી પાઉં છું. પછી ગ્લાસ પાછા લઈ જાઉં છું.

## રમત રમીએ :

વિવિધ કામ દર્શાવતી ૧૦ ચિઠ્ઠીઓ બનાવી લાવો. પછી નીચેની રમત રમાડો. સૂચનાઓ આપતા રહો.

૧. વારાફરતી આગળ આવી ચિઠ્ઠી ઉપાડો.

૨. ચિઠ્ઠીમાંથી જે નીકળે તેનો અભિનય કરો.

૩. બાકીનાં બાળકોને ઓળખવાનું કહો કે કયા કામનો અભિનય હતો.

૪. રમતની નોંધ નીચેના કોઠામાં કરાવતા રહો.

| વિદ્યાર્થીનું નામ | કયું કામ કર્યું |
|---|---|
| દક્ષેશ | હાથ ધોયા |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

## વાંચો અને ઘરમાં તમને કોણ કોણ આવું કહે તે લખો :

બાળકોને લખવા માટે વ્યક્તિગત માર્ગદર્શન આપો.

| શું શું કહે ? | કોણ કોણ કહે ? |
|---|---|
| વાંચવા બેસો. | |
| રમવા જાઓ. | |
| ટીવી બંધ કર. | |
| લેસન કર્યું ? | |
| જલદી ઊઠ. | |
| ચૂપ રહે, અવાજ ન કર. | |
| જે ગમે તે કર. | |
| છાનામાના બેસો. | |
| | મમ્મી |
| | પપ્પા |
| | શિક્ષક / આચાર્ય |
| | |
| | |

## તમને જે કહે છે તે કહેનારની જેમ જ વર્ગમાં કહો.

**ઉદાહરણ** : મમ્મીની જેમ બોલો : અલ્યા સુજ્ઞેશ, હવે વાંચવા બેસ.

## ગીત ગાઓ :



એક હતી છોટી
તેને બે ચોટી
છોટી ખાય રોટી
તોય ન થાય મોટી
છોટી મોટી થાય નહીં
સાઈકલ શિખાય નહીં
છોટી સૌનું માને
પહોંચી દવાખાને
ડૉક્ટર કહે : દાળ ખૂબ ખા...
છોટી કહે : હા સાહેબ હા...



## વાતચીત :

૧. છોટીને સાઈકલ ક્યારે આવડશે ?

૨. છોટીએ જલદી મોટી થવું હોય તો તેણે શું કરવું જોઈએ ?

૩. ડૉક્ટરે છોટીને શી સલાહ આપી ?

૪. ડૉક્ટરે છોટીને આ સલાહ શા માટે આપી હશે ?

## લખો :

| રોજ ખવાય | ક્યારેક ખવાય | ક્યારેય ન ખવાય |
|---|---|---|
| શાક | થેપલાં | મગફળીનાં ફોતરાં |
| | | સીતાફળનાં બીજ |
| | | લખોટી |
| | | |
| | | |
| | | |
| | | |

## તમને તમારાં મમ્મી-પપ્પા શું શું ખાવાની ના પાડે છે ?

⬡ "ના અડીશ... ના અડીશ... પહેલાં હાથ ધોઈ લે..." એવું તમને બધાં ક્યારે ક્યારે કહે છે ?

⬡ **વાંચો અને અભિનય સાથે રજૂ કરો.**

## જલેબીની લારી

મોટુ : આહાહાહાહા ! જલ્લેબીની લારી આવી.

છોટુ : અરે ! પણ આ જલેબી તો ખુલ્લી છે.

મોટુ : ખુલ્લી હોય તો જ આપણને દેખાય ને !

છોટુ : આપણને દેખાય ને માખીનેય દેખાય..

મોટુ : એમાં વચ્ચે માખી ક્યાંથી આવી ?

છોટુ : વચ્ચે નહીં, લારી સાથે... જો ને લારી પર કેટલી બધી માખીઓ બણબણે છે !

મોટુ : છી... છી... તો તો જલેબી ખવાય જ નહીં.

છોટુ : જલેબી તો ખવાય પણ આવી ખુલ્લી જલેબી ન ખવાય.

મોટુ : હા હોં, હવે હું લારી, રેંકડી કે દુકાનમાં ખુલ્લું રાખેલું કંઈ પણ નહીં ખાઉં.

## જલદી જલદી

ટીની : જલદી ખા મીની.... સ્કૂલે જવામાં મોડું થાય છે.

મીની : રોટલી અરધી કરી બે જ કોળિયામાં ખાઈ જાઉં ?

ટીની : ઓ ભીમની ભત્રીજી ! એમ રોટલીના ડૂચા ન મરાય.

મીની : તો દાળ-ભાત ગળી જાઉં ?

ટીની : ના ના... એમ ખોરાક ચાવ્યા વગર ગળી ન જવાય.

મીની : તો શું કરું ?

ટીની : વાતો ન કર અને ચાવી ચાવીને ખા.

આવા સંવાદ રજૂ કરતી વખતે વાક્યો બોલવામાં જે લહેકા, આરોહ-અવરોહ અને અભિનયની જરૂર પડે છે તે સૌ વિદ્યાર્થીઓને શીખવો. એક પાત્રના સંવાદ બે-ત્રણ વખત રજૂ કરી બતાવો. સંવાદો પૂરા થયા પછી ખોરાક અંગેની સારી-નરસી ટેવો અંગે ચર્ચા કરો.

- **ચાલો, ગાઈએ ગીતડું** : બા, પેલા બાગમાં દોડી દોડી જાઉં



• • •